આજનો સુવિચાર
અસત્ય ગમે તેટલી ઝડપથી દોડે પણ એક યા બીજા દિવસે પકડાય જ જાય છે !!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૫૩ જૂનાગઢ તા.૧૫-૬-૨૦૨૩ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 153, Junagadh : Date : 15 Jun, 2023, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

# રાત્રે ૯ કલાક બાદ માંડવી - કરાંચી વચ્ચે વાવાઝોડું ટકરાશે




**લોકોને ઘરની બહાર નહી નીકળવા અને સલામત સ્થળે આશરો લેવા ચેતવણી : ૧૨૫ થી ૧૩૫ કી.મી.ની ઝડપે પવન ફુંકાશે : વાવાઝોડું ભારે વિનાશક સાબિત થવાની ધારણા : લોકોમાં ભય અને ચિંતા : દરિયા કિનારે ૨૦ થી ૨૫ ફૂટ ઉંચા મોજા ઉછળી રહયા છે : દ્વારકા, પોરબંદર, કચ્છ વિસ્તારમાં અતિભારે વરસાદ શરૂ : ૯૫ હજાર લોકોનું સલામત સ્થળે સ્થળાંતર : એનડીઆરએફ - એસડીઆરએફ, કોસ્ટગાર્ડ દરિયા કિનારા વિસ્તારોમાં તૈનાત : આર્મી, નેવી, એરફોર્સનાં જવાનો સ્ટેન્ડ-ટુ : મુખ્યમંત્રી કાર્યાલયથી લઈ વડાપ્રધાન કાર્યાલય સુધી તમામ મશીનરી દ્વારા વાવાઝોડાનાં પ્રતિકાર માટે રાઉન્ડ ધ કલોક કામગીરી**

ગાંધીનગર તા. ૧૫ : અરબી સમુદ્રમાં ઉદભવેલું અત્યંત પ્રચંડ શકિતશાળી કેટેગરીમાં મુકાયેલું બિપરજોય વાવાઝોડું હવે ગુજરાતનાં દરીયા કિનારે ટકરાશે તે નિશ્ચિત થઈ ગયું છે. હવામાન વિભાગનાં જણાવ્યા મુજબ આજે રાત્રે ૯ કલાક બાદ બિપરજોય વાવાઝોડું ગુજરાતનાં માંડવી અને પાકિસ્તાનનાં કરાંચી બંદર વચ્ચે લેન્ડ ફોલ કરશે. વાવાઝોડું જયારે ગુજરાતનાં દરીયા કિનારે ત્રાટકરશે ત્યારે પવનની ઝડપ ૧૨૫ થી ૧૩૫ કી.મી. રહેવાની ધારણા છે. તેમજ ધોધમાર વરસાદ પણ પડશે. વાવાઝોડાની સૌથી વધુ અસર કચ્છ, દ્વારકા અને પોરબંદર જીલ્લામાં થવાની છે જેને લઈને આ ત્રણેય જીલ્લામાં યુધ્ધનાં ધોરણે કાર્યવાહી કરવામાં આવી રહી છે. તદ ઉપરાંત સૌરાષ્ટ્રનાં ૮ જીલ્લામાં રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી કાર્યાલયથી લઈ વડાપ્રધાન કાર્યાલય સુધી તમામે તમામ સરકારી મશીનરી બિપરજોય વાવાઝોડાનાં સામના માટે રાઉન્ડ ધી કલોક કાર્યવાહી કરી રહી છે. એનડીઆરએફ, એસડીઆરએફ, કોસ્ટ ગાર્ડ ઉપરાંત આર્મી, નેવી અને એરફોર્સનાં જવાનોને પણ સંભવિત કોઈપણ સ્થિતિને પહોંચી વળવા માટે સ્ટેન્ડ-ટુ રાખવામાં આવ્યા છે. દરિયા કિનારા વિસ્તારનાં ૮ જીલ્લામાંથી ૭૫ હજારથી વધુ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે.આજે સવારથી જ તંત્ર દ્વારા સંભવિત અસરગ્રસ્ત જીલ્લાઓમાં ખાસ કરીને દરીયા કિનારા વિસ્તારોમાં લોકોને ઘરની બહાર નહી નીકળવા અને સલામત સ્થળે રહેવા જણાવવામાં આવી રહયું છે અને કલમ ૧૪૪ પણ લાગુ કરવામાં આવી છે.

# દરિયા કિનારે તાંડવ શરૂ : કચ્છ, દ્વારકા, જામનગરમાં રેડ એલર્ટ

અરબી સમુદ્રનું બિપોરજોય વાવાઝોડુ કચ્છનાં દરીયાની નજીક પહોંચી ગયુ છે અને સાંજે જખૌ નજીક ત્રાટકવાનુંનિશ્ચીત બની ગયુ છે. ત્યારે વ્યાપક તારાજી સર્જાવાની આશંકાથી સરકારથી માંડીને સામાન્ય લોકો સુધી સૌના શ્વાસ અધ્ધર થઈ ગયા છે. વાવાઝોડુ વ્યાપક વિનાશ વેરી શકે તેવુ શકિતશાળી-તાકાતવર હોવાનું હવામાન ખાતાએ સ્પષ્ટ કર્યું છે. હવામાન વિભાગનાં રીપોર્ટ પ્રમાણે બિપોરજોય વાવાઝોડુ આજે સવારે કચ્છના જખૌનાં દરીયાની ૧૭૦ કીમીની દુર રહ્યું હતુ. ઉત્તર પુર્વની ગતિ યથાવત રહી હોવાથી આજે મોડી સાંજે ૯.૦૦ કલાકે જખૌ આસપાસ ત્રાટકવાની સંભાવનાછે.

વાવાઝોડુ અતિ ગંભીર કેટેગરીમાં જ રહ્યુંછે અને ૧૨૫ થી ૧૩૫ કિલોમીટરની ઝડપે પવન ફુંકાવાની સંભાવના છે. હવામાન વિભાગનાં વડા મૃત્યુંજય મહાપાત્રાએ જણાવ્યુ હતું કે વાવાઝોડુ કચ્છના માર્ગે જ આગળ ધપીરહ્યું છે. ૧૨૫થી ૧૫૦ કીમીની ઝડપહોવાથીવિનાશકબની શકેછે. ઝાડ,થાંભલા, નાના મકાનો, કાચા ઘરવગેરેમાં તારાજી સર્જાઈ શકેછે.

દરમ્યાન રાજય સરકાર દ્વારા જાનમાલની નુકશાની રોકવા શ્રેણીબદ્ધ પગલા સાથે જોરદાર પુર્વ તૈયારી કરવામાંઆવી છે. ૯૫૦૦૦ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. એનડીઆરએફ, એસટીઆરએફ, ઉપરાંત નેવી, એરફોર્સ જેવી સૈન્ય પાંખોની પણ મદદ લેવામાં આવી હતી. નૌકાદળનાં ચાર જહાજ સ્ટેન્ડબાય રાખવામાંઆવ્યાછે. રાજય સરકારે લોકોને શક્ય હોય ત્યાં સુધી ઘરમાં જ રહેવાની સલાહ આપી છે. સલામતસ્થળોએ રહેવા સુચવ્યુ છે. વાવાઝોડાની અસર હેઠળ કચ્છમાં સવારથી દરીયા કિનારાઓ પર વિકરાળ મોજા ઉછળી રહ્યા છે.

પોરબંદરમાં આજે વહેલી સવારથી ભારે પવન સાથે વરસાદ શરૂ થયો છે. આથી રસ્તાઓ પાણી પાણી થઈ ગયા છે. તેમજ પવનની ગતિ વધુ હોવાથી માર્ગો પર પસાર થતાવાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ભુજમાં પણ સવારથી ધોધમાર વરસાદ પડી રહ્યો છે. આજે સૌરાષ્ટ્રના-કચ્છમાં જામનગર, દ્વારકા, રાજકોટ, પોરબંદર, જૂનાગઢ, મોરબી અને કચ્છમાં ભારેથી અતિ ભારે વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જ્યારે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, આણંદ, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ અને દમણ, દાદરા નગર હવેલીમાં પણ ભારે વરસાદ પડવાની સંભાવના છે.

## અંતરિક્ષમાંથી વાવાઝોડાનો ભયાનક નજારો કેમેરામાં કેદ થયો

દુબઈ તા. ૧૫

ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર તૈનાત UAEના અંતરીક્ષ યાત્રી સુલ્તાન અલ નેયાદીએ અરબી સમુદ્રમાં સર્જાયેલા વાવાઝોડાનો વીડિયો શેર કર્યો છે. ૪:૩૦ મિનિટનો આ વીડિયો સ્પેસ સ્ટેશન પરથી લેવામાં આવ્યો છે.જેમાં જોઈ શકાય છે કે, અરબી સમુદ્રમાં સર્જાયેલ વાવાઝોડું કેટલું વિકરાળ છે. જે ધીમે-ધીમે ગુજરાત અને પાકિસ્તાનના દરીયા કાંઠા તરફ આગળ વધી રહ્યું છે. વાયરલ વિડિયોમાં નેયાદી તેના કૅમેરાને જમીનથી સમુદ્ર સુધી પૅન કરે છે, જે સમુદ્ર પરવાદળોનું વિશાળ આવરણ દર્શાવે છે. જેમ જેમ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પૃથ્વીની આસપાસ પરિભ્રમણ કરે છે તેમ તેમ અરબી સમુદ્ર પરના સફેદ વાદળોજાણે ધીમે ધીમેમાર્ગ આપત અહોય તેમલાગી રહ્યું છે. વીડિયોમાં બિપરજોયના ભયાનક વમળો છેક અનેક કિલોમીટર ઉપર અવકાશમાંથી સ્પષ્ટરૂપે જોઈ શકાયછે. પૃથ્વીથી ૪૦૦ કિલોમીટર ઉપરથી અંતરિક્ષ માંથી ચક્રવાતનું દ્રષ્ય જાણે કે કોઈ કપાસના રૂ નો ઢગલો હોય તેમ સફેદ સફેદ દેખાઈ રહ્યું છે. જાણે કે, ચક્રવાતના કેન્દ્ર તરફ ખરબચડી પર્વતમાળાઓ હોય. આ વીડિયો અને તસવીરોમાંથી સ્પષ્ટરૂપે જોઈ શકાયછે કે, વાવાઝોડાનો ઘેરાવ કેવો અને કેટલો છે. તેવી જ રીતે વીડિયોમાં સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે, ચક્રાવાતનોઘેરાવ કેટલો વિશાળ છે. તેમાં સર્જાતા ચક્રવાતી વમળો પણ ભયાનક છે. ચક્રવાત ધીમે ધીમે કઈ રીતે આગળ વધી રહ્યું છે અને દરિયાકાઠાં સાથે ટકારાતા કઈ હદે વિનાશ વેરશેતેની ભયાનક્તા દર્શાવે છે. હજારો લીટર પાણી ચક્રવાતના મોજા સાથે ઉડી રહ્યું છે. ચક્રવાતની આ આંખનો ઘેરાવ અનેક કિલોમીટરનો હોઈ શકે છે તે આ વીડિયો પરથી સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. વીડિયોમાં ચક્રવાતની આસપાસ ભયાનક વમળો જોઈ શકાય છે. જેના પરથી જ અંદાજ લગાવી શકાય છે કે, આ ચક્રવાત કઈ હદનું ભયાનક છે. જો ૪૦૦ કિલોમીટર અવકાશમાંથી આટલો ભયાનક નજારો હોય તો જ્યારે આજે રાત્રે ગુજરાતના દરિયાકાંઠે ટકરાશે ત્યારે તે કઈ હદનું ભયાનક સ્વરૂપ ધારણ કરશે તેનો અંદાજ લગાવવો જ મુશ્કેલ છે.

## વાવાઝોડા બાદ બચાવકાર્ય માટે યુધ્ધ જહાજો - વિમાનો તૈયાર

નવી દિલ્હી તા.૧૫ :

ગુજરાત અને સૌરાષ્ટ્ર તેમજ કચ્છના તટીય વિસ્તારો તરફ વધી રહેલુ વાવાઝોડુ બીપરજોયનો સામનો કરવામાટે કેન્દ્ર સરકારઅને સેનાએ પુરી તૈયારી કરી લીધી છે. નૌસેનાએ પોતાના બે યુદ્ધ જહાજ આઈએનએસ હંસ અને શિકરા તૈયાર રાખ્યું છે. જેથી જરૂરત પડવા પર તેનો તાત્કાલીક ઉપયોગ બચાવ અને રાહત માટે કરી શકાય. નૌસેનૌએ જણાવ્યું હતું કે આઈએનએસ હંસને ગોવા અને આઈએનએસ શિકરાને દુબઈમાં સ્ટેન્ડ બાય મોડમાં રખાયું છે.

જે કોઈપણ સમયે ગુજરાત રવાના થવા તૈયાર છે. આ સિવાય જરૂર પડયે હવાઈ માર્ગથી બચાવ અને રાહત કાર્ય માટે વાયુસેનાના પી૮આઈ અને ડોર્નીયર વિમાનોને પણ સ્ટેન્ડ બાય રખાયા છે.આ વિમાનોમાં માધ્યમથી અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત સામગ્રી પહોંચાડવામાં આવશે અને પરિવહનનું કામ પણ પુરૂ થઈ શકે.આઈએમડીના અનુસાર કચ્છ, દ્વારકા,પોરબંદર, જામનગર, રાજકોટ જીલ્લામાં વાવાઝોડા દરમ્યાન પવન ૧૨૫-૧૩૫ પ્રતિ કલાકની ઝડપે ફુંકાશે.

## મુખ્યમંત્રી નિવાસસ્થાને હેમ રેડિયો સ્ટેશન કાર્યરત

ગાંધીનગર તા. ૧૫

વાવાઝોડાની પરિસ્થિતિને પહોંચી વળવા તંત્ર એલર્ટ છે. આ દરમિયાન મુખ્યમંત્રી નિવાસ્થાને હેમ રેડિયો સ્ટેશન ઉભુ કરવામાં આવ્યું છે. પ્રથમ વાર રાજયના મુખ્યમંત્રીના નિવાસે હેમ રેડિયો સ્ટેશન શરૂ કરાયું છે. સ્ટેટ કન્ટ્રોલ રૂમ ખાતે પણ હેમ રેડિયો સ્ટેશન અને એસડીઆરએફનું વાયરલેસ સ્ટેશન ઊભું કરાયું છે. બિપરજોય વાવાઝોડાને પગલે ભારે પવનોથી ટાવરો અને વીજળીને અસર થવાને લઈ કનેક્ટિવિટી બંધ થવાના સંજોગોમાં આ સ્ટેશનો ઉપયોગી થશે. હવામાન વિભાગની જે આગાહી છે તે મુજબ કનેક્ટિવિટી બંધ થવાને લઈ મુખ્યમંત્રી નિવાસસ્થાને હેમ રેડિયો સ્ટેશન તૈયાર કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી કોઈપણ સમયે નિવાસ્થાને થી જ તમામ પ્રશાસન સાથે સંપર્કમાં રહી શકેતે માટે હેમ સ્ટેશન ઊભું કરાયું છે

ગુજરાત આયુર વૈદિક
ક્રિસ્ટલ કોમ્પ્લેક્સ ચિતા ખાના ચોક જુનગઢ
ડાયાબિટીસ
જડમુળ માંથી કંટ્રોલ
એક વાર વિશ્વાસ કરીને વાપરો...
આયુર્વેદીક ઉપચાર
સાથે-સાથે બધા લક્ષણો થી છુટકારો...
• પગના તળીયા બળવા... • હાથમાં ધ્રુજારી આવવી...
• પગમાં ખાલી ચડવી... • વજન ઘટવો...
અઠવાડીયા માં સારૂ પરીણામ મેળવવો.
સાંધા, સ્નાયુ તથા કમરના દુઃખાવા દુર કરવા માટે પણ આયુર્વેદીક ઉપચાર છે.
કોમેન્ટમાં નંબર/કોલ કરો 9586250898

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા (N.D.)
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

શ્રી બાલવી એસ્ટેટ બ્રોકર
ફલેટ, ટેનામેન્ટ, ડુપ્લેક્ષ, દુકાન તેમજ દરેક પ્રકારની મિલ્કત લેવા-વેચવા, ભાડે આપવા, ભાડે લેવા માટેનું વિશ્વાસપાત્ર નામ
મો. ૮૭૩૫૮ ૫૯૮૯૧
૯૮૭૯૫ ૮૫૨૮૫

ઓફર...ઓફર...
M. 99787 06355
☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
MI-GL
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૯૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ માટે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ : જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

## બિપરજોય વાવાઝોડાની વિષેની રુચિપ્રદ વાત

# શું છે આ બિપરજોય વાવાઝોડું કોણે આપ્યું નામ ? કેમ પડયું ? કોણ અને કેવી રીતે પાડે છે આ નામ ?

(પંકજ ઝીબા દ્વારા)

છેલ્લા કેટલાક સમય અરબી સમુદ્રમાં આ ચક્રવાતી તોફાન રહ્યા બાદ ગત ૬ જુનના રોજ તે 'ટ્રોપીકલ શ્રેણી' (ગંભીર-ભયજનક)માં પરિવર્તિત પામ્યા બાદ આ વાવાઝોડુનું બિપરોજોય નામાકરણ કરવામાં આવ્યું. બિપરજોયનો જન્મ બાંગ્લા ભાષામાંથી ઉદ્દભવ્યો તેનો અર્થ થાય છે 'ડિઝાસ્ટર' (આફત) 'આ આપતિ જયારે સર્વાત્રિક ભયજનક (ખતરનાક) બીજા શબ્દોમાં કહીએ તો આ ચક્રાવતી 'જફા' તોફાનમાં તહેનાત થયુંત્યારે તેના નામનું જન્માકરણ પણ બાંગ્લદેશ દ્વારા જ કરવામાં આવ્યું છે...!

આ આફત-તોફાનનું નામ કોણ આપે છે...?

સામાન્ય રીતે ૧૯૫૦ના દાયકા પહેલા વાવાઝોડા-તોફાનનું કોઈ નામ નહોતું રહેતું પણ જયારે એક જ સ્થળ પર અનેક તોફાન સક્રીય થાય છે ત્યારે આવી સ્થિતિમાં તેનાં પરિભ્રમણને રોકવા માટે (ડબલ્યુ.એમ.ઓ.) વર્લ્ડ મેટ્રોલોજીકલ ઓર્ગેનાઈઝેશન (વિશ્વ હવામાનવિજ્ઞાન સંગઠન)ના નિર્દેશો મુજબ ચક્રાવાતોનું નામાકરણ કરવાના સમીકરણો મંડાણા અને આ અંગેના આદેશો જારી કર્યા અને આવા ચક્રાવાતોનાં નામોનો જન્મ થયો. આ આદેશ તળે છ ક્ષેત્રીય વિશિષ્ટ હવામાન વિજ્ઞાન કેન્દ્ર (આર.એસ.એમ.સી.એસ)અને પાંચ ક્ષેત્રીય ઉષ્ણકટિબંધીય તોફાન ચેતવણી કેન્દ્રો (ટી.સી.ડબલ્યુ. સી.એસ.)ને આ અંગેનું ગાઈડન્સ (સલાહ) જારી કરવા અને દુનિયાભરમાં ઉષ્ણકટિબંધીય ચક્રાવતોના નામ આપવા માટે અધિકાર આપી અધિકૃત કરાયા. ચક્રાવતોનું નામકરણનો પ્રારંભ સામાન્ય રીતે એન્ટલાન્ટિક ક્ષેત્રોમાં ૧૯૫૩થી એક સંધિથી થયો. જયારે હિન્દ મહાસાગર ક્ષેત્રીયના ૮ દેશોએ ભારતની પહેલ બાદ આવા તોફાનોનું નામકરણ કરવાનો આરંભ ૨૦૦૪ થી કર્યો. જેમાં ભારત, બાંગ્લાદેશ, માલદીવ, મ્યાંમાર, ઓમાન, પાકિસ્તાન, થાઈલેન્ડ અને શ્રીલંકા સામેલ છે. વર્ષ ૨૦૧૮માં ઈરાન, કતાર, સાઉદી અરબી, યુએઈ, અને યમનને પણ તેમાં સામેલ કરવામાં આવ્યાં અને જો કોઈ આવા ચક્રાવાતી તોફાનો આવવાની આશંકા સર્જાય તો આ તેર દેશોએ ક્રમ મુજબ તેનું નામાકરણ કરવાનું હોય છે.

કોણ અને કેવીરીતે આપે છે આ નામ......

એટલાન્ટિંક અને પૂર્વ ઉતર પ્રશાંત ક્ષેત્રીયમાં આવતા ચક્રાવાતોનાં નામ આપવા માટે ૬ સૂચિ બનેલી છે અને તેમાંથી એક નામ પસંદ થાય છે એટલાન્ટિંક ક્ષેત્રમાં આવનારા તોફાનો માટે ૨૧ નામ છે પરંતુ આ ચક્રાવાતો-તોફાનોનાં નામ આપવા માટે એક લિસ્ટ બનેલું છે અને તેમાં એક અપવાદરૂપી (કયુ., યુ., એકસ., વાય. અને ઝેડ઼)થી શરૂ થનારા અક્ષરોના નામોનો સંવાદ-ઉપયોગ થતો નથી. આ ચક્રાવાતોનાં નામ માટે ઓડ ઈવન ફોર્મ્યુલા પણ વપરાય છે. ઈવન વર્ષ જેમ કે જો ૨૦૦૨, ૨૦૦૮, ૨૦૧૪માં તોફાન આવ્યું તો તેને એક પુલિંગ-(બેકીમાં) નામ અપાય છે. જયારે ઓડ વર્ષ જેમ કે, ૨૦૦૩, ૨૦૦૫, ૨૦૦૭માં જો ચક્રાવાત આવ્યું તો તેને એક સ્ત્રીલીંગ (એકીમાં)નામ અપાય છે પરંતુ આમાં નિયમ એવો છે કે એક નામને છ વર્ષની અંદર રીપીટ કરી શકાય નહીં જયારે કયારેક કોઈ ચક્રાવતે-તોફાને મોટી તારાજી સર્જી હોય તો તેનાં નામને હંમેશા માટે નિર્જીવ બનાવી દેવાય છે એટલે કે રદ્દ કરી નાખવામાં આવે છે. ભારત, પાકિસ્તાન, શ્રીલંકા, બાંગ્લાદેશ, થાઈલેન્ડ, મ્યાંમાર, ઓમાન અને માલદીવે તોફાનોના નામનું લિસ્ટ બનાવી (ડબલ્યુ.એમ.ઓ.) વિશ્વ મૌસમવિજ્ઞાન સંગઠનને સોંપ્યુ છે. આ દેશોમાં કયાંય પણ આવા તોફાનો-ચક્રાવાતો આવે તો તે નામોનું સિકવન્સ વાઈસ પસંદ કરે છે. જયારે આ વખતની આફત (તોફાન-ચક્રાવાતનું નામાકરણ બાંગ્લાદેશે આપવાનું હતું આથી બાંગ્લાદેશે પોતાની ભાષાકીય શ્રેણીમાં પાડેલું બાંગ્લા એટલે (આફત-આપતિ) બિપરોજોયનું સૂચન કર્યું અને આ વખતના આ ચક્રાવાતી તોફાનનું નામ 'બિપરોજોય' રાખવામાં આવ્યું. આ સૂચિની રસપ્રદ રૂચિ જોઈએ તો આ આફત-તોફાનોના નામકરણની સૂચિ આગામી ૨૫ વર્ષ માટે બનાવવામાં આવે છે એટલે કે આ સૂચિ સુનિશ્ચિત કરતી વેળાએ એવું જરૂર નિશ્ચિત કરાયું છે કે દર વર્ષે ઓછામાં ઓછી પાંચ આફતી તોફાનો-ચક્રાવતો ચકડોળે ચડશે જ તેના આધારે આ સૂચિમાં નામોનું માપદંડ અંકલિત કરાય છે.

## દ્વારકામાં વાવાઝોડાથી સર્જાનાર સંભવિત જોખમો સામે તત્કાળ બચાવ-રાહત ઓપરેશન માટે એન.ડી.આર.એફ. પૂર્ણ સજ્જ



**ભડકેશ્વર ખાતે તૈનાત એન. ડી.આર.એફ.ની ૬-બટાલિયનના ટીમ કમાન્ડર શ્રી દેવપ્રકાશ સાથે વિશેષ વાતચીત : ત્રણ લાઈફ સેવિંગ બોટ, લાઈફ જેકેટસ, રસ્સા, ટ્રી કટર, વોકીટોકી સહિતના સાધનોથી સજ્જ છે ટીમ**

દ્વારકા તા. ૧૫

વાવાઝોડા 'બિપરજોય'થી સર્જનારા સંભવિત જોખમોસામે લડવા આપદા પ્રબંધન તંત્ર સંપૂર્ણપણે સજ્ઞ છે. હાલ દ્વારકામાં ભડકેશ્વર મહાદેવખાતે એન.ડી.આર.એફ. (નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ)ની ૬-બટાલિયન ટીમને તહેનાત કરાઈ છે. જેમાં ૨૨ જવાનો ફરજ પર તહેનાત છે. અંડર વોટર રેસ્ક્યુ હોય કે કોઈ બાંધકામ પડી જવા જેવી દુર્ઘટના, નાગરિકોને હોનારતથી બચાવવા ટીમના જાંબાઝ અને અનુભવી જવાનો અદ્યતન સાધન સરંજામ સાથે કોઈપણ બચાવ-રાહત ઓપરેશન હાથ ધરવા સક્ષમ છે.

આ ટીમના કમાન્ડર દેવપ્રકાશે એક વાતચીતમાં જણાવ્યુંહતું કે, "વાવાઝોડા સામે અગમચેતી દાખવતા અમારી ટીમ અહીં મૂકવામાં આવી છે. અમારી ટીમે લો લાઈન એરિયા તેમજ સાયકલોન શેલ્ટરની મુલાકાત લીધી છે.

વાવાઝોડું આવે ત્યારે ફલડ વોટર રેસ્ક્યુ ઓપરેશન કરવાની જરૂર પડી શકે છે. આ માટે અમારી પાસે ત્રણ વોટર બોટ છે. ઉપરાંત પાણીમાંથી લોકોને બચાવવા ડીપ ડાઈવર્સ (તરવૈયા) તેમજ ડીપ ડાઈવિંગ સેટ પણ છે. ભારે પવનના કારણે જો કોઈ જૂના કે કાચા મકાનો ક્ષતિગ્રસ્ત થાય છે તો, સી.એસ.એસ.આર. (કોલેપ્સ સ્ટ્રકચર સર્ચ એન્ડ રેસ્ક્યુ) ઓપરેશનની જરૂર પડી શકે છે. આ માટે પણ અમારી પાસે અદ્યતન સાધનો ઉપલબ્ધ છે. જો ભારે પવનના કારણે મોબાઈલ ટાવર પડી જાય તો સંચાર -સંપર્ક વ્યવસ્થા ખોરવાઈ શકે, એવી સ્થિતિનો સામનો કરવા અમારી પાસે સેટેલાઈટ આધારિત સંસાધનો છે, જેમની મદદથી અમે સંપર્ક વ્યવસ્થા પુનઃ સ્થાપિત કરી શકીએ છીએ." આ ટીમ પાસે ત્રણ વોટર બોટ, ૨૫ જેટલા લાઈફ જેકેટ્સ તથા લાઈફ બોયા, રસ્સા, હેવી બેટરી, ટ્રી કટર, વોકિટોકી, સેટેલાઈટ ફોન, બે બસ સહિત ડિઝાસ્ટરને પહોંચી વળવા પૂરતા સાધનો ઉપલબ્ધ છે. નોંધનીય છે કે, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં હાલ એન.ડી.આર.એફ.ની ત્રણ ટીમ તહેનાત છે. જેમાંથી એક દ્વારકા ખાતે, જ્યારે બીજી ટીમ ઓખા ખાતે તહેનાત રાખવામાં આવી છે. જ્યારે એસ.ડી.આર.એફ.ની બે ટીમ પૈકી એક ટીમને રૂપેણ બંદર અને બીજી ટીમને રાવલ ખાતે મૂકવામાંઆવી છે. કુદરતી આપદા સામે નાગરિકો સુરક્ષિત રાખવા અને લોકોના જીવન બચાવવામાં કોઈ ઉણપ ના રહી જાય તે માટે સ્થિતિની સમીક્ષા માટે ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ આજે ભડકેશ્વર ખાતે તહેનાત એન.ડી.આર.એફ. તથા રૂપેણ બંદર ખાતે તહેનાત એસ.ડી.આર.એફ.ની ટીમની મુલાકાત લઈને તેમનો જુસ્સો વધાર્યો હતો.

## માંગરોળ વિજતંત્રની કામગીરી સામે આક્રોશ

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૧૫



તદન નધણિયાત જણાંતા માંગરોળ વિજતંત્રની કામગીરી સામે લોકોમાં ભારે આક્રોશ ફેલાયો છે. કાળઝાળ ગરમીમાં સતત ૨૪ કલાક ઠપ્પ રહેલો પુરવઠો અને કાયમીના વિજધાંધીયાથી ત્રસ્ત અત્રેની એક સોસાયટીની મહીલાઓ સહિત ૮૦ જેટલા રહીશોએ વિજ કચેરીએ મોરચો માંડયો હતો. મહીલાઓએ જ્યાં સુધી લાઈટ ન આવે ત્યાં સુધી કચેરીએથી ન ખસવાનું જણાવી અડિંગો જમાવતા તંત્રને તાબડતોબ ફોલ્ટ રિપેર કરવાની ફરજ પડી હતી. શહેરના કેશોદ રોડ પર આવેલી ન્યુ ગ્રિન સીટીથી ઓળખાતી શિલ્પી સોસાયટીમાં રહેતા ૬૦ જેટલા પરિવારો નિંભર પીજીવીસીએલ તંત્રથી તૌબા પોકારી ઉઠ્યા છે. રહેવાસીઓના જણાવ્યા મુજબ જે તે સમયે વિજજોડાણ વખતે સીટીમાં કોટેશન ભરેલું હોવા છતાં તંત્રએ માનખેત્રા ગ્રામજ્યોતિ ફીડરમાંથી લાઈન આપેલ છે. તેમ છતાં લાઈટબિલ સીટીના યુનિટ ભાવ પ્રમાણે આપે છે. અહીં કલાકો સુધી વિજ પુરવઠો ઠપ્પ રહે છે. કાયમી વરસાદ કે વાવાઝોડાની સ્થિતિ હોય તેમ લાઈટની સતત આવજાવ ચાલુ રહે છે. અનેક રજુઆતો છતાં અધિકારીઓ દ્વારા ધ્યાન આપવામાં આવતું નથી. કચેરીમાં ફોન કરતાં "થશે ત્યારે થશે, અમે રોબોર્ટ તો નથી ને" તેવા ઉડાઉ જવાબ આપે છે. અધિકારી તો તેનાથી આગળ વધી "ત્યાં મકાન લેવાય નહીં ને!" તેવા બેફીકરા જવાબો આપે છે. દરમ્યાન સોમવારે સાંજે લાઈટ ગયા બાદ મંગળવારે સાંજ સુધી આવી ન હતી. ૨૪ કલાક પછી લાઈટ આવ્યા બાદ પણ સતત આવજાવ ચાલુ રહેતા પીજીવીસીએલની બેદરકારી અને લાપરવાહી સામે લોકોનો રોષ ભભુકી ઉઠયો હતો. લોકોની હાલાકી, રજુઆતો કાને ન ધરતા તંત્રને ઢંઢોળવા રાત્રે રહીશો કચેરીએ દોડી ગયા હતા. જ્યાં આક્રમક રજુઆત કરી હતી. ત્યારબાદ લાઈટ નઆવે ત્યાં સુધી ઘરે પરત ન જવાનું કહી મહીલાઓ કચેરીની ઓફીસમાં બેસી ગઈ હતી. જો કે લોકોનો મિજાજ પારખી ગયેલા તંત્રએ ગણતરીની મિનિટોમાં ફોલ્ટ રિપેર કરતા મામલો થાળે પડ્યો હતો.

## બગસરા ખાતે જીવરાજાણી નાગ્રેચા અને ભીમજીયાણી પરિવારના સુરાપુરા બાપાના મંદિરે પ્રસાદીનું આયોજન




(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૫

અમરેલી જીલ્લાના બગસરા ખાતે વજુદાદાની વાડી ખાતે જીવરાજાણી નાગ્રેચા અને ભીમજીયાણી પરિવારના સુરાપુરા દાદાના મંદિરે પ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે. સુરાપુરા દાદાના સાંનિધ્યમાં આગામી અમાસ એટલે તા.૧૮-૬-૨૦૨૩ને રવિવારે સાંજે ૭ કલાકે વજુદાદાની વાડી, બગસરા ખાતે પ્રસાદી લેવાનું આયોજન કરેલું છે. તો સર્વ જીવરાજાની-નાગ્રેચા-ભીમજીયાણી પરિવારને કિશોરભાઈ (કેસરી)નું ભાવભર્યું આમંત્રણ છે.

## દ્વારકાના એકાદશ મહારુદ્ર મહાદેવ મંદિરમાં સમુદ્રના પાણીનો કુદરતી અભિષેક



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૫

બીપર જોઈ વાવાઝોડાના પગલે સમુદ્રમાં ઉત્પન્ન થયેલ કરંટના લીધે દરિયાનું સ્તર વધતા રૂપેણ બંદર વિસ્તારમાં આવેલ એકાદશ રૂદ્ર મહાદેવ મંદિરમાં સમુદ્રના પાણીનો કુદરતી અભિષેક થતો જોવા મળ્યો છે. સમુદ્રના પાણી વચ્ચે એકાદશ મહારુદ્ર મહાદેવ મંદિરના દર્શન કરવા પહોંચ્યા હતા. ભગવાન શિવ પાસે આરાધના કરી ગુજરાત અને સમગ્ર દેશ ઉપરથી આ વાવાઝોડાનું સંકટ દૂર કરવા પ્રાર્થના કરી હતી. દરિયામાં હાઈટેડના કારણે મહાદેવને સાક્ષાત જલાભિષેક કરી રહ્યા છે સમુદ્ર દેવ.

## સોમનાથ ટ્રસ્ટ દ્વારા દેવભૂમિ દ્વારકા ખાતે ૫૦૦૦ ફૂડ પેકેટ રવાના



### સોમનાથ મહાદેવના પ્રસાદ સ્વરૂપે અસરગ્રસ્ત વિસ્તારોમાં બૂંદી-ગાઠીયા પહોંચાડ્યા

(મીનાક્ષી-ભાસ્કર વૈદ્ય દ્વારા)

સોમનાથ તા.૧૫

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના આશીર્વાદ અન્ન સ્વરૂપે દેવભૂમિ દ્વારકા ખાતે રવાના કરાયા હતા. દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં શ્રી સોમનાથ ટ્રસ્ટ કોઈ પણ આપત્તિમાં જન સેવામાં અગ્રેસર રહે છે. સોમનાથની સાપેક્ષમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ભારે પવનો અને વાવાઝોડાની વધુ અસરો થવાની સંભાવના છે. ત્યારે પ્રધાનમંત્રીની અધ્યક્ષતામાં કામ કરતું સોમનાથ ટ્રસ્ટ દેવભૂમિ દ્વારકા જિલ્લાના લોકોની વાહરે આવ્યું છે. સોમનાથ ટ્રસ્ટના સચિવ યોગેન્દ્રભાઈ દેસાઈના સતત માર્ગદર્શન હેઠળ દેવભૂમિ દ્વારકા ખાતે વહીવટી તંત્રનો સંપર્ક કરીને શેલ્ટર હોમમાં ખસેડવામાં આવેલ શરણાર્થી માટે સોમનાથ ટ્રસ્ટ દ્વારા ૫૦૦૦ પેકેટ બુંદી અને ગાંઠીયા બનાવીને રવાના કરવામાં આવ્યા છે. જે જિલ્લા વહીવટી તંત્રને હસ્તગત કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રીની અધ્યક્ષતામાં શ્રી સોમનાથ ટ્રસ્ટ દેશભરમાં કુદરતી આપત્તિ સમયે જનસેવાના કાર્યમાં હંમેશા તત્પર રહ્યું છે.

### સંપૂર્ણ રીતે હાઈડ્રોલિક રથ, ગુજરાતમાં પ્રથમ મોટો રથ

# રથયાત્રા માટે સુરતમાં સૌથી મોટો રથ તૈયાર થયો

સુરત, તા.૧૫

અષાઢી બીજના દિવસે ભગવાન જગન્નાથ ભાઈ બલરામ અને બહેન સુભદ્રા સાથે ભાવિ ભક્તોને દર્શન આપવા માટે સૌથી મોટા રથ પર સવાર થઈ નગર ચર્ચાએ નીકળશે. સુરત વરાછા ખાતે આવેલા ઈસ્કોન મંદિર દ્વારા ગુજરાતનો સૌથી મોટો રથ તૈયાર કરવામાં આવી રહ્યો છે. જે રીતે રોડ પર ઈલેક્ટ્રીક વાહન જોવા મળે છે. તે જ ટેકનિક થી આ રથ તૈયાર કરવામાં આવી રહ્યો છે . ટ્રકના નીચેના ભાગને વાપરી તેની ઉપર રથ તૈયાર કરવામાં આવી રહ્યો છે. જે સંપૂર્ણ રીતે હાઈડ્રોલિક છે.

સુરતના વરાછા વિસ્તાર ખાતે આવેલા ઈસ્કોન મંદિર ની અંદર હાલ ગુજરાતનો સૌથી મોટો રથ તૈયાર કરવામાં આવી રહ્યો છે. રથયાત્રાના દિવસે પ્રથમવાર અત્યાધુનિક ટેકનિક અને સમય પ્રમાણે જે રીતે રથમાં બદલાવ આવવો જોઈએ તે જોવા મળશે. સામાન્ય રીતે રથયાત્રા માટે ખાસ લાકડાથી રથ તૈયાર કરવામાં આવતો હોય છે અને કારીગરો મહિના સુધી આ રથને તૈયાર કરે છે. પરંતુ સુરત વરાછા ખાતે ઈસ્કોન મંદિરમાં ખાસ ટ્રકની નીચેનો ભાગ લઈને તેની ઉપર ભગવાન જગન્નાથજી માટે રથ તૈયાર કરવામાં આવી રહ્યો છે. સંપૂર્ણ રીતે હાઈડ્રોલિક રથ છે. તેને ચલાવવા માટે ડ્રાઈવરની સીટ પણ જોવા મળશે અને સહેલાઈથી ભરચક વિસ્તારમાં બ્રેક લાગી શકે આ માટેની વ્યવસ્થા પણ આ રથમાં જોવા મળશે. આ રથ છેલ્લા આઠ મહિનાથી તૈયાર કરવામાં આવી રહ્યો છે. આ રથ અગાઉ વડોદરા ખાતે તૈયાર કરવામાં આવી રહ્યો હતો. પરંતુ તેનું સ્ટ્રક્ચર તૈયાર થઈ ગયા બાદ તેને સુરત લાવવામાં આવ્યો છે અને હાલ તેના રંગરોગાનનું કામ ચાલુ છે. આખા ગુજરાતમાં સૌથી આકર્ષણનું કેન્દ્ર ધરાવતો આ રથ છે. કારણ કે આ ઈલેક્ટ્રીક વાહનની જેમ રોડ પર થી પસાર થશે. તેમાં લાકડાની સાથે સ્ટીલ અને લોખંડનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સમાન્ય રથની જેમ જ આ રથમાં પૈડાં જોવા પણ મળશે.

## દ્વારકા : વેપાર, ધંધા આજે બંધ રાખવા નગરપાલિકાની અપીલ



(રાકેશ સામાણી દ્વારા) દ્વારકા તા.૧૫

દ્વારકા નગરપાલિકા તરફથી અગત્યની સૂચના આપવામાં આવી છે કે, દ્વારકા શહેરના તમામ દુકાન ધારકો, વેપારીઓ વેપાર-ધંધા કરતા તમામને જાણ કરવામાં આવે છે કે, ભારતીય હવામાન વિભાગની સૂચના અનુસાર અરબી સમુદ્રમાં બિપોરજોય વાવાઝોડું કેન્દ્રિત થયેલ હોય જેને, કારણે ભારે વરસાદ અને તીવ્ર પવન ફુકવાની શક્યતા હોય, જેની સૌથી વધુ અસર તારીખ ૧૫-૬-૨૩ના રોજ થનાર હોય જેથી તકેદારીના ભાગરૂપે આજે તારીખ ૧૫-૬-૨૦૨૩ને ગુરૂવારના રોજ શહેરના તમામ લોકોએ પોતાના વેપાર-ધંધા બંધ રાખવા દ્વારકા નગરપાલિકા તરફથી અપીલ કરવામાં આવી છે. આ સંદર્ભે તમામ દુકાનો બંધ રહી હતી.

## ભેંસાણનાં રાણપુરમાંથી ૬ જુગારી ઝડપાયા


(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૫

ભેંસાણ તાલુકાનાં રાણપુર ગામનાં સ્મશાનામાં જાહેરમાં જુગાર રમતા વિજય સાગઠીયા, નજીર રફાઈ, મગન મારૂ, કુંદન રાખસીયા, શૈલેષ સવાલીયા અને રઉફ કારવાને રોકડ રૂા. ૧૭,૨૦૦ સાથે ઝડપી લઈ જુગારધારા અંતર્ગત કાર્યવાહી હાથ ધરી છે.

## ભારે પવનના કારણે દ્વારકા જગત મંદિર ઉપર લહેરાતી ધ્વજાજી ફાટી ગયેલ

**બે દિવસ થયા જગત મંદિર ઉપર ધ્વજાજી ચડી શકી નથી : નવા ગોમતી ઘાટ દરિયાઈ પાણીમાં ડુબ્યા બેઠકજી સહિત મંદિરોમાં પાણી પહોંચ્યું**





(રાકેશ સામાણી દ્વારા) દ્વારકા તા.૧૫

યાત્રાધામ દ્વારકામાં છેલ્લા ત્રણ દિવસથયા હવામાનમાં પલ્ટો આવતા જોરદાર પવન ફુકાઈ રહ્યો છે. ત્યારે દ્વારકાધીશ જગત મંદિરના શિખર ઉપર બે દિવસ થયા ધ્વજાજીની એકેય ધ્વજાજી ચડી શકી નથી. બે દિવસ પૂર્વ ચડાવેલી ધ્વજાજી આજે બુધવારે ભારે થી અતિભારે પવનના કારણે ફાટી ગયેલ હોય ધ્વજાજી ફાટેલ ફરકતી જોવા મલી હતી. દ્વારકાના દરિયામાં ભારે કરંટ હોય ગોમતીજી સહિત દરિયા કાઠે મસમોટા મોજા ઉછળતા જોવા મલ્યા હતા. દરિયાઈ પાણીમાં ભારે કરંટ હોવાથી નવો ગોમતીઘાટ પાણીમાં ડુબ્યો હતો. તેમજ ગોમતીઘાટ પાસે આવેલ મહાપ્રભુજી સહિત મંદિરોમાં દરિયાઈ પાણી ગોઠણડુબ પહોચ્યા હતા. દ્વારકા શહેરમાં ભારે પવન હોવાથી સ્વામી નારાયણ મંદિર પાસે તેમજ ઠેર ઠેર જગ્યારે મસ મોટા વૂક્ષો જમીન દોષ થયા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# કાયદાના ભવ્ય વિના અનુશાસન નથી આવતું

ભારતીય દંડ સંહિતા એટલે કે આઈપીસીની કલમ ૧૨૪-એ રાજદ્રોહને એક દંડનીય અપરાધ બનાવે છે. લગભગ બધા દેશોમાં રાજદ્રોહ કાયદો છે, જોકે કેટલાક દેશે પોતાને ત્યાં એ ખતમ કરી દીધો છે. ભારતમાં પણ આ કાયદા સામે ઘણી કાગારોળ મચે છે. આ કાયદાને ગેરબંધારણીય જાહેર કરવા માટે સુપ્રીમ કોર્ટમાં અરજીઓ પણ દાખલ કરવામાં આવી છે કે તે અભિવ્યક્તિની આઝાદીનું ઉલ્લંઘન કરે છે અને સરકારને મામૂલી આધાર પર કોઈની પણ ધરપકડ કરવાની તાકાત આપે છે. કાયદા પંચે હાલમાં જ તેનાં તમામ પાસાંની સમીક્ષા કરી છે અને આ કાયદાને સમયની જરૂરિયાત ગણાવ્યો છે. જોકે, પંચે એ ભલામણ પણ કરી છે કે કેદારનાથ કેસમાં સુપ્રીમ કોર્ટે જે સુરક્ષા ઉપાયોની ભલામણ કરી હતી, તેના પર અમલ પણ થવો જોઈએ. તેની સાથે જ તેણે સજામાં વધારો કરવાનું પણ સૂચન કર્યું છે.

અહીં એ ધ્યાન રાખવામાં આવે કે આઈપીસીમાં કેટલીય એવી કલમો છે, જે અભિવ્યક્તિની આઝાદીને પ્રતિબંધિત કરે છે અને એવાં વક્તવ્યોને અપરાધ બનાવે છે, જેમને વિભિન્ન સમુદાયો, વંશીય સમૂહો, પ્રાદેશિક સમૂહો, ભાષાઓ વગેરે પ્રત્યે ઘૃણા કે દુર્ભાવનાનો ભાવ છલકાતો હોય અને જે પરસ્પર સદ્ભાવ બગાડે. ખુદને અભિવ્યક્ત કરવાનો અધિકાર પણ અનુચ્છેદ ૧૯(૨) અંતર્ગત શરતોને આધીન આપવામાં આવ્યો છે. લોકતંત્ર, અધિકાર કે આઝાદી સમાજમાં હિંસા ફેલાવવા, બદનામ કરવા કે અરાજકતા પેદા કરવા અને નફરત ફેલાવવા કે માનહાનિ કરવાનું લાયસન્સ નથી. કલમ ૧૨૪-એ એવાં તોફાની તત્વો માટે અપરાધ છે, જે ભારતમાં બંધારણીય રીતે ચૂંટાયેલી સરકાર વિરુદ્ધ શબ્દો, સંકેતો અને દશ્યો દ્વારા જાણીજોઈને ઉશ્કેરણી કરે છે અને નફરત ફેલાવાની કોશિશ કરે છે. જે દેશમાં લોકોને જાતિ, ધર્મ, ભાષા અને ક્ષેત્રના આધારે વહેંચવામાં આવ્યા હોય, ત્યાં સરકારે સમાજના વિભિન્ન સમુદાયો-વર્ગો વચ્ચે સંતુલન જાળવી રાખવાનું હોય છે, જેથી શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ જળવાઈ રહે.

જે લોકો કોઈપણ કારણોસર સરકાર વિરુદ્ધ દ્વેષભાવના રાખે છે અને હંમેશાં તેને બદનામ કરવાનાં કાવતરાં કરે છે, તે પરોક્ષ રૂપે આંતરિક અને બાહ્ય દુશ્મનોની જ મદદ કરતા હોય છે. આપણે ઈન્ટરનેટ અને સંચાર ક્રાંતિના યુગમાં જીવી રહ્યા છીએ. એમાં દેશના આંતરિક કે બહારના આકાઓના ઈશારે થોડા પૈસા માટે લોકોની ભાવનાઓ ભડકાવીને આ બધું કરી શકાય છે. હાલમાં જ એવાં ઉદાહરણ જોવા મળ્યાં છે, જ્યાં 'ચિકન નેક' એટલે કે સિલિગુડી કોરિડોર પર કબ્જો કરવા અને તેને દેશથી અલગ પાડી દેવા માટે ત્યાંની આબાદીના એક હિસ્સાને ઉશ્કેરવામાં આવે છે. હાલમાં કેટલાક એવા મામલા પણ જોવા મળ્યા, જેમાં કેટલાક લોકોએ સાંસદો અને મંત્રીઓને બંધક બનાવવાના ઈરાદે ભારતીય સંસદ પર હુમલો કરનારા આતંકીઓને નાયક બનાવી દીધા. એવા વિદેશી ફંડ મેળવતા સમૂહ અને એનજીઓ છે, જે એવું પ્રચારિત કરીને આતંકીઓ વિરુદ્ધ કાર્યવાહીનો વિરોધ કરે છે કે જાણે દેશના ધાર્મિક અલ્પસંખ્યકોને નિશાનો બનાવવામાં આવે છે. આ બધાથી કાયદો લાગુ કરનારી એજન્સીઓને બદનામ કરવાનો પ્રયાસ કરવામાં આવે છે, બલ્કે હિંસક માહોલને ખાતરપાણી ઉપલબ્ધ કરાવવામાં આવે છે. કાયદા પંચે તમામ પાસાં પર ધ્યાન આપ્યા બાદ જ એ અભિપ્રાય આપ્યો છે કે તેમાં સજા હજુ પણ સખત હોવી જોઈએ.

કોઈપણ લોકતાંત્રિક દેશમાં કાયદાનું પાલન જ અનુશાસન અને શાંતિ જાળવી રાખવાનું એકમાત્ર સાધન છે. કોઈપણ દેશ કાયદા વિના ચાલી ન શકે. લોકતાંત્રિક દેશોમાં આ બાબતે જરૂરી કાનૂનોની ક્યાંય વધુ જરૂર હોય છે. જોકે ફક્ત કાયદાનાં થોથાં હોવાં જ પૂરતું નથી. કાયદાને સખ્તાઈથી, સાવધાનીપૂર્વક અને શીઘ્ર લાગુ કરવા પણ અનિવાર્ય છે. આપણે આપણા દેશમાં ઘણા અરસાથી અપરાધિક સમૂહો, માફિયા અને રાજનેતાઓ-અપરાધીઓની પરસ્પર સાંઠગાંઠ જોઈ રહ્યા છીએ. આ માત્ર એટલા માટે સંભવ થઈ શકે છે, કારણ કે પ્રશાસન કાયદાઓ લાગુ કરવામાં ઈમાનદાર નથી રહ્યું. દેશના ઉદ સમયથી લોકોને અનુશાસિત કરવાનું એકમાત્ર સાધન કાયદો માનવામાં આવ્યું છે. પ્રાચીન ભારતમાં દંડ-નીતિના મહત્ત્વ પર બધાએ ભાર મૂક્યો. ત્યાં સુધી કે આપણા સાહિત્યમાં પણ કહેવાયું છે કે ભય બિનુ હોઈ ન પ્રીતિ એટલે કે કાયદાના ભય વિના અનુશાસન નથી આવતું.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

જીવનની એક પળ, કરોડો સૂવર્ણ મુદ્રાઓ આપવા છતાંય નથી મળતી.

- વાલ્મીકીજી

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.બહમન-૧૩૯૨, મુ. જીલ્કાદ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, જ્યેષ્ઠ વદ-૧૨ પ્રદોષ તા.૧૫ જૂન ૨૦૨૩, ગુરૂવાર, પારસી તા.૪, મુસ્લિમ તા.૨૫, ભરણી નક્ષત્ર, સુકર્મા યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૦૫, સૂ.અ.૭:૩૭
આજનો દિવસ અશુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ), રાત્રે ૮:૨૫ ક. પછી જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: પરિશ્રમનું શ્રેષ્ઠ ફળ મળે. ઉપરી અધિકારીથી લાભ થાય.
વૃષભ: મિલ્કતના પ્રશ્નો હલ થાય. વ્યર્થ ક્રોધ ટાળવો હિતાવહ.
મિથુન: સફળતા માટે મહેનત કરવી પડે. નવિન ખરીદી થાય.
કર્ક: કાર્યબોજ વિશેષ રહે. નાણાંભીડ અનુભવાય.
સિંહ: અણધાર્યો ધનલાભ થાય. ભાગીદારથી ચેતતા રહેવું હિતાવહ.
કન્યા: મનમાં ચંચળતા રહે. અણધારી આફત આવી પડે.
તુલા: જીવનસાથીના આરોગ્ય અંગે સંભાળવું. મનમાં વ્યગ્રતા રહે.
વૃશ્ચિક: કાર્યોમાં વિલંબથી સફળતા મળે. પરિવારજનોમાં વાદ-વિવાદ થાય.
ધન: ખર્ચ પર કાબુ રાખવો. ચિંતાનો ઉકેલ મળે.
મકર: મનમાં અશાંતિ રહે. મનની મુરાદ બર આવે.
કુંભ: નવિન આયોજનો સફળતાથી પાર પાડી શકશો. આરોગ્ય અંગે સાવચેત રહેવું.
મીન: આર્થિક સમસ્યા હળવી બને. અગત્યના કાર્યમાં સફળતા મળે.

# વાવાઝોડા સહિતની આફતમાં દરિયાકાંઠાના લોકો માટે સલામતીનું સરનામું બનતા મલ્ટી પર્પઝ સાયકલોન શેલ્ટર








**સરકાર દ્વારા વર્ષ ૨૦૨૧માં તૈયાર કરાયેલા પાકા મલ્ટી પર્પઝ સાયકલોન શેલ્ટર અસરગ્રસ્તો માટે રાહતરૂપ બન્યા : શેલ્ટર સેન્ટરમાં રહેવા-જમવા સહિતની વ્યવસ્થાઓ કરાઈ, દ્વારકા જિલ્લાના ૦૪ સાયકલોન શેલ્ટર સેન્ટરમાં ૫૩૧ અસરગ્રસ્તોએ આશરો મેળવ્યો**









બિપરજોય પ્રકારના વાવાઝોડા દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ લાવતા હોય છે. ભારે કરંટનાં લીધે દરિયાનું પાણી દરિયાકાંઠા નજીકના ગામોમાં ઘૂસીને જાનમાલની તારાજી સર્જતું હોય છે. વાવાઝોડાના સમયે ભારે પવનના કારણે કાચા મકાનો અને વૃક્ષો તૂટી પડવાના જોખમના કારણે લોકોને ઊંચાણવાળા વિસ્તારમાં આશ્રયસ્થાનની જરૂર રહેતી હોય છે. ગુજરાત દેશમાં સૌથી લાંબો દરિયા કિનારો ધરાવતું રાજ્ય છે. આથી વાવાઝોડા, દરિયાઈ તોફાનો અને ભારે વરસાદ જેવી આપત્તિઓ અહીં વારંવાર જોવા મળે છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં સમયાંતરે આવતા વાવાઝોડામાં લોકો માટે સલામત આશ્રયસ્થાન પૂરું પાડવાના આશયથી ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ અને નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી દ્વારા મલ્ટી પર્પઝ સાયકલોન નાં કાયમી શેલ્ટરોનું નિર્માણ કરવામાં આવ્યું છે. સરકારશ્રી દ્વારા અગમચેતીના ભાગરૂપે વર્ષ ૨૦૨૧માં દ્વારકા જિલ્લામાં વરવાળા, પિંડારા, ગાંધવી અને ગાંગડી ખાતે ચાર મલ્ટી પર્પઝ સાયકલોન શેલ્ટર તૈયાર કરવામાં આવ્યા હતા.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ બિપરજોય વાવાઝોડાનાં જોખમને ધ્યાને રાખી લોકોનું સ્થળાંતર કરાવવામાં આવી રહ્યું છે ત્યારે આવા નાગરિકો માટે આ શેલ્ટર સેન્ટરો સલામતીનું સરનામું બન્યા છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કિનારા નજીકના વિસ્તારો, ઝૂંપડપટ્ટી વિસ્તાર, કાચા મકાનમાં રહેતા મજૂર વર્ગ સહિતના વિસ્તારોમાંથી યુદ્ધના ધોરણે સ્થળાંતર કરાયેલા નાગરિકો આફત પૂરતા આ પાકા સાયકલોન શેલ્ટરમાં પોતાના પરિવાર સાથે સુરક્ષિત થયા છે. દ્વારકા તાલુકાના વરવાળા ગામ ખાતે આવેલા શેલ્ટરમાં ઝવેરનગર અને મોતીનગર સહિતના ગામોના કુલ ૪૦૦થી વધુ લોકોને અહીંયા આશરો લઈ રહ્યા છે. વહીવટી તંત્ર તરફથી અહી જમવા સહિતની આવશ્યક સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

દરિયાકાંઠે આવેલા ઝવેરનગર ગામના ચકુભાઈ વાઘેલાએ જણાવ્યું હતું કે, અહીંયા ન્હાવા, જમવાની સાથે-સાથે રહેવાની પણ સારી વ્યવસ્થા કરવામાં આવી છે. મારા પરિવારના ૬ લોકો સાથે અમે અહીંયા આવ્યાં છીએ. વાવાઝોડાની આગાહી સમયે પોલીસ અમારા ઘરે-ઘરે આવી અમારા ખબર અંતર પૂછતાં હતાં. ત્યારબાદ પાણી અને પવનના જોખમના કારણે અમારા લોકોનું અહીંયા સ્થળાંતર કરવામાં આવ્યું છે. સરકાર અમારા જેવા સામાન્ય લોકોનું પણ ઘરનાં માણસની જેમ ધ્યાન રાખી રહી છે. અમારે અહીંયા કોઈ તકલીફ નથી. તેમની વાતમાં સહમત થતાં તેમના પત્ની રાધાબેને જણાવ્યું હતું કે, અમને લોકોને અહીંયા લાવીને સરકારે ખૂબ જ સારું કાર્ય કર્યું છે. અહિયાં બધા જ સાહેબો આવીને અમારું ખૂબ જ સારી રીતે ધ્યાન રાખી રહ્યા છે.

અન્ય એક અસરગ્રસ્ત જયાબેન ચૌહાણે જણાવ્યું હતું કે, વાવાઝોડાની આગાહી થતા અમને સરકારે બસોમાં બેસાડી અહીંયા લાવ્યા છે. અમારા પરિવારના લોકોની સાથે-સાથે વિસ્તારના બધા જ લોકો અહીંયા સલામત સ્થળે આવી ગયા છીએ. અહીંયા બધા જ લોકો અમે એક જ પરિવારની જેમ રહીએ છીએ. ચા,પાણી, જમવાની બધી જ વ્યવસ્થાનું સરકાર તરફથી સારું આયોજન કરવામાં આવ્યું છે.

ઝવેરનગર વિસ્તારના ગીતાબેન વાઘેલા જણાવે છે કે, ત્રણ ચાર દિવસથી અમે અહીંયા આવ્યા છીએ. અહીંયા અમે સલામત છીએ. સરકાર, ગ્રામ પંચાયત અને સરપંચ તરફથી ખૂબ જ સાથ સહકાર મળ્યો છે. તાલુકાની સરકારી હોસ્પિટલ દ્વારા પણ અહી સારી સુવિધાઓ આપવામાં આવે છે. અમારા બાળકો માટે પણ રૂમની સારી વ્યવસ્થા છે. અમારા માટે અહી અમારો સમાન મુકવા માટે લોકર સાથેના કબાટની પણ સુવિધા છે. સવારે ચા-નાસ્તો અને બાળકોને બિસ્કીટ અને ભોજનની વ્યવસ્થા કરવામાં આવે છે.


વરવાળા સેન્ટર ખાતે ફરજ બજાવતા આચાર્ય શાંતિલાલ ભાઈ જણાવે છે કે, વરવાળા ખાતે તા. ૧૨થી ઝવેરનગર અને મોતીનગર વિસ્તારના તમામ લોકોનું અહીંયા સ્થળાંતર કરવામાં આવ્યું છે. જે અંતર્ગત શિક્ષણ વિભાગ તરફથી લોકોની સંભાળ માટે અહીંયા શિક્ષકોને ફરજ સોંપણી કરવામાં આવી છે. આ સેન્ટર પર છ ર્દ્ધ અને ગ્રામ પંચાયત તલાટીશ્રીને દેખરેખની કામગીરી સોંપવામાં આવી છે. સમયાંતરે જિલ્લા વહીવટી સ્ટાફ પણ આ સેન્ટરની મુલાકાત લે છે.

આ કેન્દ્ર ઉપર આરોગ્યલક્ષી સુવિધાઓ માટે બે આરોગ્યકર્મીઓ ૮-૮ કલાકની શિફટમાં ૨૪x૭ ઉપલબ્ધ કરાવાય છે અને ઓપીડી પણ ચલાવવામાં આવે છે. દૂષિત પાણીના જોખમને ધ્યાને રાખી પાણીનું કલોરીનેશન પણ કરવામાં આવે છે. પ્રસુતિની વાર છે અને પરિવાર સાથે રહેવા ઈચ્છે છે તેવી સગર્ભા બહેનો અને નાના બાળક સાથે માતાઓ પણ અહી આશરો મેળવ્યો છે. પ્રાથમિક સારવાર માટેની દવાઓ પણ અહી ઉપલબ્ધ રાખવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે કેન્દ્રીય મંત્રી શ્રી પરષોત્તમ રૂપાલા અને ગ્રહ રાજયમંત્રી શ્રી હર્ષ સંઘવીએ પણ આ શેલ્ટર સેન્ટરોની મુલાકાત લઈ ઉપ્લબ્ધ વ્યવસ્થાનું નિરિક્ષણ કરી યોગ્ય માર્ગદર્શન સૂચના આપ્યા હતા. જિલ્લામાં કુલ ૬૫૦૦થી વધુ લોકોનું સલામતીના કારણોસર સ્થાળાંતર કરાવવામાં આવ્યુંછે. જે પૈકીના ૫૩૧ જેટલા અસરગ્રસ્તો જિલ્લાના ચાર શેલ્ટર સેન્ટર ખાતે આશ્રય મેળવી રહ્યા છે.

# રાજ્ય સરકારે આપદાને પહોંચી વળવા તૈયારીઓ કરી છે : CM

## સંભવિત આપતીને પહોંચી વળવા રાજ્ય સરકારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ મંત્રી અમિત શાહના માર્ગદર્શનમાં જે આગોતરૂ આયોજન કર્યું છે તેની વિગતો આપી હતી, સંભવિત વાવાઝોડાની અસરો વચ્ચે CMનું નિવેદન



અમદાવાદ, તા.૧૫

ગુજરાત પર વાવાઝોડાનું જોખમ તોળાઈ રહ્યું છે. ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યનાં દરિયાકાંઠા વિસ્તારોમાં બિપરજોય વાવાઝોડાની સંભવિત આપદાને પગલે નાગરિકોને સુરક્ષા-સલામતી માટે વહીવટી તંત્રનો સહયોગ કરવા અપીલ કરી છે. મુખ્યમંત્રીએ બિપરજોય વવઝોડાની આ સંભવિત આપતીને પહોંચી વળવા રાજ્ય સરકારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહના માર્ગદર્શનમાં જે આગોતરૂ આયોજન કર્યું છે તેની વિગતો આપી હતી. ગુજરાતના દરિયાકાંઠે બિપરજોય વાવાઝોડાની પરિસ્થિતિને પગલે સૌ નાગરિકોને તંત્ર દ્વારા સમયાંતરે આપવામાં આવતી સૂચનાઓ અને માર્ગદર્શિકાનું પાલન કરી સાવચેતીના તમામ પગલા લેવાની ખાસ અપીલ કરું છું. આપણે સૌ જરૂરી સાવધાની રાખીને જાનમાલને ઓછામાં ઓછું નુકસાન થાય તેવો પ્રયાસ કરીએ ભૂપેન્દ્ર પટેલે રાજયના નાગરિકોને કરેલી અપિલમાં જણાવ્યુંકે, ઝિરો કેઝ્યુઆલિટીના એપ્રોચ સાથે રાજય સરકારે આગોતરા બચાવ-રાહત, પૂનઃવ્યવસ્થાપનના આયોજન સુનિશ્ચિત કરી લીધા છે. મુખ્યમંત્રીએ નાગરિકોને રાજ્ય સરકાર અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વખતો વખત અપાતી સૂચનાઓ-નિર્દેશીકાનું પાલન કરવાની પણ અપીલ કરી છે. તેમણે ઉમેર્યું કે, ખાસ કરીને ભારે વરસાદ અને તિવ્ર પવનની આગાહીને પગલે બને ત્યાં સુધી ઘરમાં જ સલામત રહીએ અને બહાર નિકળવાનું ટાળીએ. વૃક્ષ નીચે, શાંભલાઓ પાસે કે જુના જર્જરીત મકાનોમાં આશ્રય લેવાનું ટાળીએ. વીજળીના તાર કે વીજ ઉપકરણોને અડીએ નહી અને વીજ થાંભલાથી દૂર રહેવા જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે જરૂરિયાતના સમયે સ્થળાંતર માટે તંત્રનો સહયોગ કરવા અને સૂચનાઓનું પાલન કરી પોતાની અને પોતાના પરિવારની સુરક્ષા સુનિશ્ચિત કરવા અનુરોધ કર્યો છે. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, સલામતી, સાવચેતી અને અગમચેતી એ જ આવી આપદાઓ સામે ટકી રહેવાનો યોગ્ય માર્ગ છે અને આવા સમયે રાજ્ય સરકાર દિવસરાત સૌની સલામતિ માટે સેવારત છે, એમ તેમણે ઉમેર્યું હતું.

### વાવાઝોડાની સંભવિત અસર સામે પૂર્વ તૈયારીની ચકાસણી માટે

# કેન્દ્રીય રાજયમંત્રી ડો.મહેન્દ્ર મુંજપરાએ ગીર સોમનાથ વહીવટી તંત્ર સાથે મિટિંગ યોજી

ગીર સોમનાથ, તા.૧૫: વાવાઝોડાની સંભવિત અસર સામેની પૂર્વ તૈયારીની ચકાસણી માટે જિલ્લા સેવા સદન ખાતે કેન્દ્રીય રાજયમંત્રી શ્રી ડૉ.મહેન્દ્રભાઈ મુંજપરાએ ગીર સોમનાથ વહીવટી તંત્ર સાથે મિટિંગ યોજી આગોતરા આયોજન તેમજ ભયજનક સ્થિતીની પળોમાં વ્યવસ્થા અને લોકસમસ્યાઓના નિરાકરણ વિશે શીર્ષ અધિકારીઓને વિવિધ મુદ્દાઓ પર સૂચન આપી માર્ગદર્શિત કર્યા હતાં.

સૌ પ્રથમ જિલ્લા કલેક્ટરશ્રી એચ.કે.વઢવાણિયાએ મંત્રીશ્રીને જિલ્લાની પ્રાથમિક માહિતી આપી કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા વહીવટીતંત્રના વિવિધ વિભાગોની તૈયારીઓ વિશે અવગત કર્યા હતાં. જે પછી મંત્રીશ્રીએ વેરાવળ, કોડીનાર, ઉના, સુત્રાપાડા તેમજ ગીરગઢડાના નીચાણવાળા વિસ્તારો તેમજ દરિયાઈ વિસ્તારો પર બાજનજર રાખવા તેમજ આવા વિસ્તારોના સ્થાનિક માછીમારોના સ્થળાંતર તેમજ રહેવા અને ભોજનની વ્યવસ્થા પર વિશેષ ધ્યાન આપવા સૂચના આપી હતી.

આ ઉપરાંત મંત્રીશ્રીએ પીવાના પાણીની વ્યવસ્થા, સગર્ભા અને



વૃદ્ધો માટે આરોગ્યલક્ષી સુવિધા, અવિરત વીજ પુરવઠો, જિલ્લાના આશ્રયસ્થાન વિશે માહિતી મેળવી આશ્રિતોની રહેવા તથા ભોજન વગેરેનું આયોજન અને વ્યવસ્થા વિશે બારીકાઈથી માહિતી મેળવી વિવિધ મુદ્દે વહીવટી તંત્રના સંબંધિત અધિકારીઓને સુનિયોજીત રીતે સમયસર કાર્ય પૂરુ કરવા સુચનાઓ આપી હતી.

# આંખના પલકારામાં ખાતામાંથી પૈસા ગાયબ - સાયબર ક્રાઈમ મામલે કાયદો અને પોલીસ બંને કેમ છે લાચાર...

નવી દિલ્હી, તા.૧૫

આપણે નાનપણથી વાંચતા આવ્યા છીએ - શિકારી આવશે, લાલચ આપશે, તેમાં ફસાશો નહીં, પરંતુ આપણે ફસાઈ જ જઈએ છીએ. સાયબર ગુનેગારો આ વાત સારી રીતે જાણે છે અને હવે સ્થિતિ એવી છે કે દેશમાં દરરોજ હજારો લોકોના પૈસા આ લૂંટારાઓ લૂંટી રહ્યા છે. ઈન્ટરનેટ જેણે આપણને દુનિયા સાથે જોડાવાની શક્તિ આપી છે તે હવે આપણને તેની જાળમાં ફસાવી રહ્યું છે. તેનો ઉપયોગ કરીને, દૂરના સ્થળોએ છુપાયેલા સાયબર ગુનેગારો આંખના પલકારામાં અમારા પૈસા લૂંટી લે છે. એક OTP આવ્યો, અમે અજાણ્યા કોલરને કહ્યું અને પછી થોડી જ વારમાં બેંક ખાતું ખાલી થઈ ગયું. કાં તો કોઈ ઈન્સ્યોરન્સનું નામ લઈને ફોન કરે છે અથવા તો ફેસબુક ફ્રેન્ડ બનીને. કેટલીક વખત નકલી ગ્રાહકો કે પોલીસકર્મી બનીને લાખો કરોડો રૂપિયાની છેતરપિંડી કરે છે. પહેલા નાઈજિરિયન ગુંડાઓ આ કામ કરતા હતા, પરંતુ હવે દેશના ખૂણે- ખૂણે છુપાયેલા સાયબર ગુનેગારો નિર્ભયતાથી આ કામ કરી રહ્યા છે. ઘણાં પકડાઈ પણ જાય છે પણ ગુના ઉપર કોઈ અંકુશ નથી. કારણ સ્પષ્ટ છે, ન તો પોલીસનો ડર કે ન તો કાયદાનો ડર કારણ કે બંને આ મામલે લાચાર લાગે છે. દેશમાં સાયબર ક્રાઈમનો ફેલાવો એ વાત ઉપરથી લગાવી શકાય છે કે ૨૦૨૧માં કુલ ૫૨,૦૦૦ કેસ નોંધાયા હતા. પરંતુ વાત અહીં અટકી નથી, આ સંખ્યા ઝડપથી વધી રહી છે અને લગભગ બમણી થઈ ગઈ છે.

IT સિટી બેંગલુરુમાંથી મળેલી માહિતી મુજબ કર્ણાટકમાં ગયા વર્ષે ૩૬૩ કરોડ રૂપિયાની છેતરપિંડી થઈ હતી, એટલે કે સાયબર ગુનેગારો દરરોજ એક કરોડ રૂપિયા પડાવી લે છે અને ખબર નથી કે આવા કેટલા કેસ નોંધાયા નથી કારણ કે મોટાભાગના લોકોને ખબર નથી કે સાયબર ક્રાઈમના કેસ ક્યાં નોંધાયેલા છે અને કેવી રીતે હાથ ધરવામાં આવે છે. એક કારણ એ પણ છે કે ઓછા પૈસા જવાને કારણે લોકો આ બાબતને એટલી ગંભીરતાથી લેતા નથી. પરંતુ ઘણા ગુનેગારો એવા કોલ સેન્ટર ચલાવી રહ્યા છે જ્યાંથી તેઓ ફોન કરીને લોકોને છેતરતા હોય છે. તેઓ KYC કરવાના નામે લોકોને ખૂબ લૂંટી રહ્યા છે. આ માટે તેઓ સંભવિત ગ્રાહકોની યાદી તૈયાર કરે છે અને તેમને સામેલ કરીને તેમનો અંગત ડેટા લે છે અને પછી તેમના એકાઉન્ટ પર હાથ સાફ કરે છે. આ માટે, મોટાભાગના સાયબર અપરાધીઓ Anydesk અથવા Teamviewer અથવા તેના જેવી એપનો ઉપયોગ કરે છે અને શિકારીના કોમ્પ્યુટરને રિમોટલી કેપ્ચર કરે છે અને પછી કંઈપણ કરવું સરળ બની જાય છે. નાના ગુનેગારો ગુનાના નાણાં Paytm અને તેના જેવી એપ્સમાં મૂકે છે, પરંતુ મોટા ગુનેગારો અથવા સંગઠિત ટોળકી આ લાખો અને કરોડો રૂપિયાને ક્રિપ્ટોકરન્સીમાં કન્વર્ટ કરે છે, જે પકડાય તો તેમની પુનઃ પ્રાપ્તિ અશક્ય બની જાય છે. ક્રિપ્ટોકરન્સી એક્સેસ કરવી એ પોલીસની બાબત નથી કારણ કે તેમાં બેંક જેવું કોઈ સેટઅપ નથી. એટલા માટે ભારત સરકાર પણ ક્રિપ્ટોકરન્સી ઉપર પ્રતિબંધ મૂકવા માંગે છે. આ કોમ્પ્યુટર દ્વારા જનરેટ કરેલ નાણાંનું કોઈ ભૌતિક સ્વરૂપ હોતું નથી અને તે કોમ્પ્યુટરમાં જ રહે છે અને તેનો ઉપયોગ મની લોન્ડરીંગ જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં થાય છે. બેંક ખાતાઓની જેમ તેમાં કોઈ નામ નથી. તેથી જ સાયબર અપરાધીઓની પસંદગી ક્રિપ્ટોકરન્સી છે.

સાયબર છેતરપિંડીના આવા કિસ્સાઓમાં, શિકારનો ભોગ બનેલા એ પોલીસ પાસે જવું પડે છે, પરંતુ તેમના માટે છેતરપિંડીનો ઉકેલ મેળવવો સરળ નથી કારણ કે ગુનેગાર અન્ય રાજ્યમાં દૂર બેઠો છે જ્યાં સ્થાનિક પોલીસની પણ પહોંચ નથી. ઝારખંડ અને હરિયાણાના મેવાતમાંથી આવા ઘણા કિસ્સાઓ મળી આવ્યા હતા, જેમાં ઠગ ઝાડ ઉપર બેસીને તેમના લેપટોપની મદદથી છેતરપિંડી કરતા હતા. તેમને લાગ્યું કે પોલીસ તેમના સુધી પહોંચી શકશે નહીં. આ રીતે તેમનું ચોક્કસ લોકેશન ટ્રેસ કરવું મુશ્કેલ બની જાય છે. સાયબર ગુનેગાર એકવાર પકડાઈ જાય તો પણ તેની સામે કેસ દાખલ કરીને તેને સજા અપાવવી મુશ્કેલ કામ છે. ભારતમાં સાયબર કાયદા છે પરંતુ તેનો યોગ્ય રીતે ઉપયોગ થતો નથી અને તેમાં ઘણી ખામીઓ છે. સૌથી મોટી વાત એ છે કે પોલીસ પાસે પ્રાઈવસીના નામે વોટ્સએપ કે ફેસબુક કે ઈન્સ્ટાગ્રામ ઉપરથી કોઈપણ માહિતી મેળવવાનો કોઈ સીધો રસ્તો નથી, કારણ કે તેમના મેસેજ એન્ક્રિપ્ટેડ હોય છે. પોલીસે તે કંપનીઓને લખવું પડશે કે આ ખાતામાંથી ગુનો આચરવામાં આવ્યો છે. તે પછી જ તેને સંપૂર્ણ માહિતી મળે છે. આને રોકવા માટે ભારત સરકારે ૨૦૦૦ના વર્ષમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ IT એક્ટ ઘડ્યો હતો. આ એક ખૂબ જ વિગતવાર કાર્ય છે અને તેમાં ગોપનીયતા કાયદો પણ સામેલ છે. આ સિવાય આવી છેતરપિંડીના કેસમાં ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ પણ લાગુ પડે છે. પરંતુ સાયબર ઠગ એવા છે કે તેઓ આ કાયદાની પરવા કરતા નથી. બીજી તરફ, પોલીસ એવી છે કે તેઓને પણ આ ગુનાઓ વિશે અને તેની સાથે વ્યવહાર કરવા માટેના કાયદા વિશે પૂરતી જાણકારી નથી. એટલું જ નહીં, અદાલત પણ આ બાબતોમાં એટલી સંપૂર્ણ નથી. પટના ઉચ્ચ અદાલતના નિવૃત્ત




ન્યાયાધીશ શ્રીમતી અંજના પ્રકાશ કહે છે કે ન્યાયતંત્રને પણ આવા કેસોની યોગ્ય રીતે સુનાવણી કરવાનો અનુભવ નથી. નીચલા સ્તરના ન્યાયાધીશોને આમાં તાલીમ આપવાની જરૂર છે કારણ કે આ કેસ લૂંટ, ચોરી જેવા જૂના પ્રકારના ગુનાઓથી સંપૂર્ણપણે અલગ છે. તેથી જ જજો પણ આમાં થોડા કન્ફ્યુઝ થઈ જાય છે. ખરેખર આવા કેસમાં સજાનું પ્રમાણ પણ ઓછું હોય છે. ગુનેગાર પકડાય છે અને જામીન ઉપર છૂટી જાય છે. પછી ફરીથી તે જ ગુનો કરવાનું શરૂ કરે છે કારણ કે તે ખૂબ જ સરળ છે અને કાયદાનો ડર નથી. ગયા વર્ષે ચંદીગઢમાં ૧૬ સભ્યોની ગેંગ ઝડપાઈ હતી જેની સામે ૪૯૩૫ ફરિયાદો અને ૨૮૬ કેસ નોંધાયા હતા. આવા કિસ્સાઓમાં, દંડની રકમ છેતરપિંડીની રકમ જેટલી જ હોવી જોઈએ. અમેરિકામાં, જ્યાં નાણાંકીય બાબતોમાં માત્ર આકરી સજાની જોગવાઈ નથી, પરંતુ દંડ પણ લાખો ડોલરમાં છે. સાયબર કાયદાના નિષ્ણાંત દિલ્હી ઉચ્ચ અદાલતના વકીલ અનન્યા પરાશર કહે છે કે હાલમાં ભારતમાં સાયબર ગુનાઓને રોકવા માટે બે પ્રકારના કાયદા છે. એક IT એક્ટ અને બીજો IPC. આ બંનેની કલમો ગુનાઓમાં ઉમેરવામાં આવી છે. IT એક્ટમાં સજા અને દંડ બંનેની જોગવાઈ છે. સમસ્યા એ છે કે આ ગુનાઓ જામીનપાત્ર હોય છે અને જો પીડિતા પાસે ચેટ, મેસેજ, ઈમેલ વગેરે જેવા ચીટીંગના પૂરતા પુરાવા હોય તો ગુનેગારને સજા થઈ શકે છે પરંતુ જો તેમ ન થાય તો તે મુશ્કેલ બની જાય છે. ભારતીય સાયબર અપરાધીઓ હવે નાઈજીરીયન ગુનેગારોની જેમ દેશની બહાર લોકોને લૂંટી રહ્યા છે. કલકત્તા, મુંબઈ, દિલ્હીમાં આવા ઘણા કોલ સેન્ટર પકડાયા છે, જેના દ્વારા વિદેશી નાગરિકો ખાસ કરીને અમેરિકન નાગરિકો સાયબર છે છેતરપિંડીનો શિકાર બન્યા છે. પરંતુ તેઓ હજુ સુધી બંધ થયા નથી. તેઓ હજુ પણ સક્રિય છે અને દેશનું નામ ખરાબ કરી રહ્યા છે. FBIના અહેવાલ મુજબ, ભારતીય સાયબર ગુનેગારોએ ગયા વર્ષે એટલે કે ૨૦૨૨માં અમેરિકાના વૃદ્ધોને ૧૦ અબજ ડોલરની છેતરપિંડી કરી હતી. તેઓ ત્યાંના વડીલોને ટેક્નિકલ સપોર્ટ કે અન્ય કોઈ બહાના આપીને મોટા પાયે છેતરે છે. આ માટે કોલ સેન્ટરો ખોલવામાં આવ્યા હતા જ્યાંથી આ છેતરપિંડી થાય છે. સાયબર ક્રાઈમથી બચવા માટેનો કોઈ રસ્તો નથી. શ્રેષ્ઠ માર્ગ એ છે કે અજાણી વ્યક્તિ સાથે મિત્રતા ન કરવી. કોઈપણ OTP માંગે તો આપવું નહીં. બિનજરૂરી રીતે ફેસબુક ઉપર કોઈની સાથે જોડાઓ નહીં. જો કોઈ કહે કે તે વિદેશમાં રહે છે અને પછી મિત્રતા કરે છે, તો તેના ઉપર વિશ્વાસ ન કરો. આટલું જ નહીં, વિદેશથી ગિફ્ટ મોકલનારાઓની વાત ઉપર વિશ્વાસ ન કરો. આવું કરીને ગુનેગારો આપણને ફસાવી લે છે. તેઓ પોતાના એજન્ટોને બોલાવે છે જેઓ પોતાને કસ્ટમ ઓફિસર કહે છે અને કહે છે કે તમારા નામે વિદેશથી મળેલી ગિફ્ટમાં માલ પ્રતિબંધિત છે. પછી ધરપકડનો ડર બતાવીને પૈસા પડાવીને ભાગી જાય છે. કસ્ટમ વિભાગના પૂર્વ મુખ્ય કમિશનર ડો.અનુપકુમાર શ્રીવાસ્તવ કહે છે કે કસ્ટમ વિભાગ ક્યારેય કોઈને ફોન કરતું નથી કારણ કે તેની પાસે ફોન નંબર જ હોતા નથી. કોઈપણ રીતે, સરકારી નોટિસ ફોન દ્વારા નહીં પણ લેખિતમાં જાય છે, તેથી આવા ફોન કરનારાઓ સામે પોલીસમાં ફરિયાદ કરો. તમારી સલામતી તમારા હાથમાં છે.

# દિલ્હીમાં હવે ટુ-વ્હીલર ટેક્સીઓ ચાલી શકશે નહીં સુપ્રીમ કોર્ટે દિલ્હી હાઈકોર્ટના આદેશ ઉપર સ્ટે મૂક્યો

**હાઈકોર્ટના ૨૬ મેના આદેશ ઉપર સ્ટે મૂકનાર બેન્ચે અંતિમ નીતિ જુલાઈના અંત પહેલાં સૂચિત કરવામાં આવશે એવી દિલ્હી સરકારના વકીલની રજૂઆત પણ નોંધી છે**

નવી દિલ્હી, તા.૧૫

સુપ્રીમ કોર્ટે તાજેતરમાં હાઈકોર્ટના આદેશ ઉપર સ્ટે મૂક્યો હતો જેમાં અનિવાર્યપણે બાઈક-ટેક્સી એગ્રીગેટર્સ રેપિડો અને ઉબેરને રાષ્ટ્રીય રાજધાનીમાં ચલાવવાની મંજૂરી આપવામાં આવી હતી અને દિલ્હી સરકારને નવી નીતિ ઘડવામાં ન આવે ત્યાં સુધી તેમની સામે કોઈ જબરદસ્તી કાર્યવાહી ન કરવા જણાવ્યું હતું.ન્યાયમૂર્તિ અનિરૂદ્ધ બોઝ અને રાજેશ બિંદલની વેકેશન બેન્ચે બે એગ્રીગેટર્સનેર દિલ્હી હાઈકોર્ટ દ્વારા તેમની અરજીઓની તાત્કાલિક સુનાવણીની વિનંતી કરવા માટે સ્વતંત્રતા આપી હતી.દિલ્હી હાઈકોર્ટના ૨૬ મેના આદેશ ઉપર સ્ટે મૂકનાર બેન્ચે અંતિમ નીતિ જુલાઈના અંત પહેલા સૂચિત કરવામાં આવશે તેવી દિલ્હી સરકારના વકીલની રજૂઆતને પણ રેકોર્ડ કરી છે.સર્વોચ્ચ અદાલત AAP સરકાર દ્વારા હાઈકોર્ટના આદેશને પડકારતી બે અલગ-અલગ અરજીઓની સુનાવણી કરી રહી હતી કે જ્યાં સુધી અંતિમ નીતિ જાહેર ન થાય ત્યાં સુધી બાઈક-ટેક્સી એગ્રીગેટર્સ સામે કોઈ જબરદસ્તી કાર્યવાહી કરવામાં ન આવે.ગયા અઠવાડિયે, સુપ્રીમ કોર્ટે દિલ્હી સરકારની અરજી ઉપર કેન્દ્ર પાસેથી જવાબ માંગ્યો હતો.હાઈકોર્ટે જણાવ્યું હતું કે, અરજીકર્તાઓ (રેપિડો) માટેના વકીલે રજૂઆત કરી હતી કે નીતિ સક્રિય વિચારણા હેઠળ છે.તદનુસાર, અમે આથી નોટિસ ઉપર સ્ટે આપીએ છીએ અને સ્પષ્ટ કરીએ છીએ કે અંતિમ નીતિની સૂચના ન આવે ત્યાં સુધી સ્ટે કાર્યરત રહેશે. જો કે, એકવાર અંતિમ નીતિ જાહેર થઈ જાય અને જો અરજદારો હજુ પણ નારાજ હોય તો તેઓ યોગ્ય ફોરમ સમક્ષ પગલાં ભરવા માટે સ્વતંત્ર છે, હાઈકોર્ટે જણાવ્યું હતું.આ વર્ષની શરૂઆતમાં જારી કરાયેલી જાહેર નોટિસમાં, સરકારે બાઈક-




ટેક્સીઓને દિલ્હીમાં ચલાવવા સામે નોટિસ આપી હતી અને ચેતવણી આપી હતી કે ઉલ્લંઘન કરનારાઓને એક લાખ રૂપિયા સુધીના દંડનો સામનો કરવો પડશે.રેપિડોએ તે સંદર્ભમાં શહેર સરકાર દ્વારા જારી કરાયેલ કારણ બતાવો નોટિસને પણ પડકારી છે.પરિવહન વિભાગે દ્વિચક્રી વાહનોના બિન-પરિવહન વાહનોને પરિવહન વાહનો તરીકે ચલાવવા અંગેની પોતાની માર્ગદર્શિકા જારી કરી નથી.MoRTH માર્ગદર્શિકાએ ટ્રાફિકની ભીડ અને ઓટોમોબાઈલ પ્રદૂષણ ઘટાડવા અને રાજ્ય સરકાર દ્વારા પ્રતિબંધિત ન હોય ત્યાં સુધી અસરકારક સંપત્તિનો ઉપયોગ હાંસલ કરવાના કેન્દ્ર અને રાજ્ય સરકારોના ઉદ્દેશ્યને આગળ વધારવા માટે બિન-પરિવહન વાહનોમાં વાહન પૂલિંગને સ્પષ્ટપણે મંજૂરી આપી હતી, અરજીમાં જણાવ્યું હતું.તેણે એમ પણ કહ્યું હતું કે અરજદારની સેવાઓ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મોટી સંખ્યામાં વાહન માલિકો અને સવારોના જીવન અને આજીવિકા તેમજ નોંધપાત્ર સંખ્યામાં દૈનિક મુસાફરોના જીવનને અસર કરે છે.

# કારના ACની અયોગ્ય જાળવણી તમને બીમાર કરી શકે છે, તમને અસ્થમા જેવા શ્વસનના રોગ થઈ શકે છે

(એજન્સી) તા.૧૫

કારના એસીની યોગ્ય જાણવાની ન કરવામાં આવે તો તે અપૂરતી ઠંડક તો આપે જ છે પણ તેના કરતાં પણ વધુ નુકસાન કરે છે. ખરાબ હવાની ગુણવત્તા અથવા પરિભ્રમણ આપણા સ્વાસ્થ્ય ઉપર પ્રતિકૂળ અસર કરી શકે છે અને તે હકીકત છે. તમે તમારી કારના એર કેબિન ફિલ્ટર્સને છેલ્લી વખત ક્યારે બદલ્યા હતા અથવા તમારી કારના એસી વેન્ટ્સ કયારે સાફ કર્યા હતા? કારના એસી યોગ્ય ન હોય તો તે નબળી હવાની ગુણવત્તા અને સંભવિત સ્વાસ્થ્ય સમસ્યાઓ કરી શકે છે, તેનાથી ફેફસાના રોગ થઈ શકે છે. ખરાબ ગુણવત્તાની હવાના લાંબા સમય સુધી સંપર્કમાં રહેવાથી શ્વસન અને સ્વાસ્થ્ય ઉપર પ્રતિકૂળ અસર થઈ શકે છે, ખાસ કરીને પહેલાથી અસ્તિત્વમાં રહેલી બીમારીઓ અથવા સંવેદનશીલતા ધરાવતી વ્યક્તિઓ માટે તે ભયજનક છે. આ ઉધરસ, છીંક, શ્વાસની તકલીફ જેવા શ્વસન લક્ષણોનું કારણ બની શકે છે અથવા તેને વધારી શકે છે. અસ્થમા, એલર્જી અથવા શ્વસન સંબંધી અન્ય સ્થિતિઓ ધરાવતી વ્યક્તિઓ આ અસરો માટે વધુ સંવેદનશીલ હોઈ શકે છે. આ ઉપરાંત, જ્યારે કાર સીધી સૂર્યપ્રકાશ હેઠળ પાર્ક કરવામાં આવે છે ત્યારે અમુક વાયુ ઉત્સર્જિત થાય છે. આનાથી બંધ કારની કેબિનમાં તાપમાન વધે છે જે કેબિન પ્લાસ્ટિક, ગુંદર વગેરે માઠી ઝેરી વાયુઓ ઉત્સર્જન કરવાની મંજૂરી આપે છે જે નોંધપાત્ર સ્વાસ્થ્ય જોખમોનું કારણ બની શકે છે. કાર્બન મોનોક્સાઈડ (CO) ઝેર : COએ અત્યંત જોખમી ગેસ છે જે આરોગ્ય માટે નોંધપાત્ર જોખમો ઉભા કરે છે. તે રંગહીન અને ગંધહીન ગેસ છે જયારે અશ્મિભૂત ઈંધણ અપૂર્ણ રીતે બળી જાય છે અને તે શ્વાસમાં આવે છે, ત્યારે કાર્બન મોનોક્સાઈડ લોહીમાં હિમોગ્લોબિન સાથે જોડાય છે, જે તેની ઓક્સિજન વહન કરવાની ક્ષમતાને અવરોધે છે. નાઈટ્રોજન ઓક્સાઈડ્સ



(NOx)એ કારના એન્જિનમાં કમ્બશનના પરિણામે ઉત્પન્ન થતા વાયુઓનો સમૂહ છે. તેઓ ધુમ્મસની રચનામાં ભૂમિકા ભજવે છે અને શ્વસન સમસ્યાઓ જેમ કે ઉધરસ, અને શ્વાસોચ્છવાસના ચેપ સાથે સંકળાયેલા છે.

**આ સ્વાસ્થ્ય જોખમોને કેવી રીતે ઘટાડવું ?**

વેન્ટ્સ અથવા કેબિન એર ફિલ્ટરને સાફ કરવું અને તમારી કારમાં સ્વચ્છ અને સારી રીતે કાર્યરત AC સિસ્ટમની જાળવણી કરવી એ મહત્વપૂર્ણ છે. વેન્ટને નિયમિતપણે સાફ કરવું જોઈએ, ભલામણ મુજબ કેબિન એર ફિલ્ટર બદલવું જોઈએ, અને યોગ્ય વેન્ટિલેશન સુનિશ્ચિત કરવું જોઈએ. તે વાહનની અંદરની હવાની ગુણવત્તાને સુધારવામાં મદદ કરી શકે છે અને શ્વસનના લક્ષણો અથવા બીમારીની સંભાવનાને ઘટાડી શકે છે. આ ઉપરાંત, એવી સલાહ આપવામાં આવે છે કે તમારી કારને ઠંડા સ્થાનો ઉપર અને કોઈ છત હેઠળ પાર્ક કરો અને વેન્ટિલેશન માટે વિન્ડોને એક ઈંચ નીચે રાખો. તદુપરાંત, જ્યારે કારની અંદર આવો ત્યારે કેબિનની અંદરના હાનિકારક ગેસને વિખેરવા માટે થોડો સમય બારીઓ ખુલ્લી રાખો.

# ધો.૧૦ની ૬૭ સ્કૂલોએ ૧૦૫ જેટલા વિદ્યાર્થીઓને બેફામ આંતરિક ગુણો આપવામાં લ્હાણી કરી

**સ્કૂલોએ ૨૦માંથી ૨૦ ગુણ આપ્યા, બોર્ડ દ્વારા સ્કૂલોને વિદ્યાર્થીઓની વિગતો સાથે હાજર રહેવા જણાવાયું**

અમદાવાદ, તા.૧૫

ધોરણ-૧૦ના પરિણામમાં સ્કૂલો દ્વારા કરવામાં આવેલી લ્હાણીને લઈને ૬૭ સ્કૂલો સામે તપાસ હાથ ધરવામાં આવશે.આ સ્કૂલો દ્વારા ૧૦૫ જેટલા વિદ્યાર્થીઓને બેફામ ગુણ આપ્યા હોવાનું સામે આવ્યું હતું. જેથી સ્કૂલોના આચાર્યોને વિદ્યાર્થીઓના શાળાકીય પરીક્ષાના પરિણામ સહિતની માહિતી સાથે બોલાવવામાં આવ્યા છે. આ વિદ્યાર્થીઓને સ્કૂલોએ ૨૦માંથી ૨૦ ગુણ આપ્યા હતા, જયારે બોર્ડની પરીક્ષામાં તેઓ નાપાસ થયા હોવાના મુદ્દે તપાસ શરૂ કરવામાં આવી છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૦ની પરીક્ષામાં ૫૦ ટકા પ્રશ્નો MCQ પદ્ધતિને બદલે ૨૦ ટકા હેતુલક્ષી પ્રશ્નો રહેશે તેવો નિર્ણય લેવામાં આવ્યો હતો. ઉપરાંત બોર્ડની પરીક્ષામાં ધો.૧૦માં બોર્ડની પરીક્ષાનો ગુણભાર ૭૦ ટકાથી વધારીને ૮૦ ટકા કરવામાં આવ્યો હતો. જ્યારે આંતરિક મૂલ્યાંકનના ૨૦ ટકા રહેશે તેવું નક્કી કરાયું હતું. આંતરિક મૂલ્યાંકનના ૨૦ ગુણમાં પાંચ ગુણ પ્રથમ કસોટીમાં મેળવેલા ગુણના આધારે, પાંચ ગુણ બીજી કસોટીમાં મેળવેલા ગુણના આધારે, પાંચ ગુણ નોટબુક સબમીશનના અને પાંચ ગુણ સબ્જેક્ટ એનરીચમેન્ટ એક્ટિવિટીના રાખવામાં આવ્યા હતા. જોકે, માર્ચ-૨૦૨૩માં શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધોરણ ૧૦ની પરીક્ષામાં શાળાઓએ આંતરિક મુલ્યાંકનમાં વિદ્યાર્થીઓને બેફામ ગુણ આપ્યા હતા. સ્કૂલોએ વિદ્યાર્થીઓને આંતરિક ગુણમાં ૨૦માંથી ૨૦ ગુણ આપી દીધા હતા. જયારે આ જ વિદ્યાર્થીઓ તે વિષયમાં બોર્ડની પરીક્ષામાં નાપાસ થયા હતા. શિક્ષણ બોર્ડના સુત્રોના જણાવ્યા અનુસાર, રાજ્યમાં આવી ૬૭ જેટલી સ્કૂલો છે, જેમના ૧૦૫ જેટલા વિદ્યાર્થીઓને આ રીતે ગુણ આપવામાં આવ્યા હતા. જોકે, આ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષામાં નાપાસ થયા હોવાથી હવે બોર્ડ દ્વારા આવી સ્કૂલો સામે તપાસ કરવાનું નક્કી કરાયું છે. બોર્ડ દ્વારા આ ૬૭ સ્કૂલોના આચાર્યોને વિદ્યાર્થીઓના પ્રથમ, દ્વિતીય પરીક્ષાની ઉત્તરવહીઓ, નોટબુક કે સબ્જેક્ટ રિલેટેડ થયેલી એક્ટિવિટીના દસ્તાવેજો, ઓનલાઈન ગુણાંકનની વિગતો, વિષય પ્રમાણે સર્વગ્રાહી પરિણામપત્રકો લઈને રૂબરૂમાં બોલાવ્યા છે.

# ગુજરાત હાઈકોર્ટમાં દર ગુરૂવારે હાઈબ્રિડ મોડથી કેસની સુનાવણી કરવાના પાયલોટ પ્રોજેક્ટની જાહેરાત



અમદાવાદ, તા.૧૫

ગુજરાત હાઈકોર્ટે દર ગુરૂવારે કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ એ.જે. દેસાઈ અને જસ્ટિસ વિપુલ પંચોલીની અધ્યક્ષતાવાળી બે બેન્ચ સમક્ષ પાયલોટ પ્રોજેક્ટ તરીકે હાઈબ્રિડ મોડ એટલે કે પ્રત્યક્ષ અને ઓનલાઈન બંને રીતેની સુનાવણી શરૂ કરવાનો નિર્ણય લીધો છે. સુનાવણી માટે હાઈબ્રિડ મોડ પસંદ કરવા માંગતા વકીલે દર ગુરૂવારે તેમનો કેસ સુનાવણી અર્થે મૂકવામાં આવ્યો હોય ત્યારે સવારે ૧૦ વાગ્યા પહેલાં જાણ કરવી પડશે.હાલમાં ફક્ત પ્રત્યક્ષ સુનાવણી થાય છે અને તેનું લાઈવ સ્ટ્રીમિંગ ગુજરાત હાઈકોર્ટની ઓફિશિયલ યુટ્યુબ ચેનલ ઉપર થાય છે. HCએ સુનાવણીના હાઈબ્રિડ મોડ માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ સિસ્ટમ (SOP) પ્રકાશિત કરી છે. HC રજિસ્ટ્રી દ્વારા જારી કરાયેલા નિયમો મુજબ, ગુરૂવાર માટે કેસો સાંભળવા માટેના કેસોની સૂચિપ્રકાશિત થયા પછી, સૂચિબદ્ધ બાબતોમાં કોઈપણ પક્ષનું પ્રતિનિધિત્વ કરતા વકીલો, જેમની પાસે ગુજરાત હાઈકોર્ટ દ્વારા એડવોકેટ કોડ ફાળવવામાં આવ્યો છે અને તેઓ નોંધાયેલા છે તેઓએ ગુજરાત હાઈકોર્ટની રજિસ્ટ્રી સાથેનો તેમનો મોબાઈલ નંબર, વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા રજૂ થવા માટે હાઈબ્રિડ સુનાવણી વિકલ્પ સબમિટ કરવા માટે ઓનલાઈન મોડ્યુલ દ્વારા રજિસ્ટ્રીને જાણ કરવાની રહેશે. વધુમાં ઉલ્લેખ કર્યો છે કે, હાઈબ્રિડ સુનાવણીનો વિકલ્પ ગુરૂવાર માટે કેસની યાદીના પ્રકાશન પછી જ સબમિટ કરી શકાય છે અને તે ગુરૂવારના સવારે ૧૦:૦૦ વાગ્યા સુધીમાં પસંદ થઈ જવો જોઈએ. જ્યારે કોઈ વિકલ્પ સબમિટ કરવામાં ન આવે, ત્યારે એવું માનવામાં આવશે કે પ્રત્યક્ષ સુનાવણીનો વિકલ્પ પસંદ કરવામાં આવ્યો છે. હાઈબ્રિડ સુનાવણી માટે વિકલ્પ આપવા માટેની કાર્યવાહી ગુરૂવારે સવારે ૧૦:૦૦ વાગ્યે બંધ થશે. મીટિંગ લિંક (URL) હાઈબ્રિડ સુનાવણી વિકલ્પ સબમિટ કર્યા પછી એડવોકેટના નોંધાયેલા ઈમેઈલ સરનામા અને મોબાઈલ ઉપર મોકલવામાં આવશે. સંબંધિત એડવોકેટે કેસ સાથે સંકળાયેલા સંબંધિત એડવોકેટ સિવાય અન્ય કોઈને આવા જીસ્જી/ઈમેલ ફોરવર્ડ ન કરવા ઉપર મનાઈ ફરમાવવામાં આવી છે. એડવોકેટ કે જેમની વિગતો ઓનલાઈન હાઈબ્રિડ સુનાવણી વિકલ્પ સાથે સબમિટ કરવામાં આવી છે તેમને વીડિયો કોન્ફરન્સ સુનાવણીમાં જોડાવા માટે મંજૂરી આપવામાં આવશે.

# જૂનાગઢમાં દડી મારવા પ્રશ્ને હુમલો ગેરકાયદેસર મંડળી રચી મારમાર્યો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૫

જૂનાગઢનાં સ્વસ્તીકનગર લાલા ટેનામેન્ટની પાછળ બાપા સીતારામની મઢુલી પાસે બ્લોક નં. ૮માં રહેતા કમળાબેન સતાજીભાઈ ભટ્ટીએ અનવરભાઈ, અનવરભાઈની પત્ની, અનવરભાઈની ભાઈની પત્ની અનો અનવરભાઈની બહેન સામે ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે આ કામનાં ફરીયાદી તથા તેની દિકરી દુર્ગા બંને ઘરે હાજર હતાં તે દરમ્યાન આ કામનાં આરોપી નં. ૧ થી ૫નાએ ફરીયાદીનાં ઘરે આવી આ કામનાં આરોપી નં. ૨નાએ ફરીયાદીનો કહેલ કે, તારા ભાઈની દિકરી કિરણ કેમ મારા દિકરા આદિલને દડી મારે છે અને ગાળો બોલે છે. તેમ કહેતા આ કામનાં ફરીયાદી તેનો સમજાવવા જતાં આ કામનાં આરોપી નં. ૧ તથા ૩,૪,૫નાએ આવી ફરીયાદીને જેમ ફાવે તેમ ભુંડી ગાળો બોલતા હોય જેથી આ કામનાં ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતાં આ કામનાં આરોપી નં. ૧નાએ કયાંકથી લોખંડનો પાઈપ લઈ આવી ફરીયાદીને માથાનાં ભાગે એકઘા મારતા લોહી નીકળેલ હોય અને આ કામનાં આરોપી નં. ૨ થી ૫નાએ ફરીયાદીને શરીરે આડેધડ ઢીકકા પાટુનો માર મારતા આ કામનાં ફરીયાદી દિકરી દુર્ગા વચ્ચે પડી ફરીયાદીને છોડાવવા આવેલ હોય આ દરમ્યાન આરોપી નં. ૪નાએ ફરીયાદીની દિકરી દુર્ગાને ગળુ પકડી શરીરે ઢીકકા પાટુનો માર મારવા લાગેલ હોય અને આ દરમ્યાન આ કામનાં ફરીયાદી તથા તેની દિકરી બૂમાબૂમ કરતા આ કામનાં આરોપી નં. ૧ થી ૫ ભાગી જઈ આ કામનાં આરોપીઓ એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી રચી આ કામનાં આરોપી નં. ૧નાએ ફરીયાદીને માથાના ભાગે લોખંડનો પાઈપ મારી તેમજ આરોપીછ નં. ૨ થી ૫નાએ ફરીયાદીનો તથા ફરીયાદીની દિકરી દુર્ગાને શરીરે ઢીકકા પાટુનો માર મારવાની ફરીયાદ તાલુકા પોલીસમાં નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ પોલીસે તનિષ્ક શો રૂમમાં થયેલી સોનાની બંગડીની ચોરીના બનાવમાં એક મહિલા સહિત ત્રણને ઝડપી લેતી પોલીસ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૫



જૂનાગઢ શહેરમાં આવેલા તનિષ્ક સોના-ચાંદીના શો રૂમમાંથી બે લાખ રૂપિયાની કિંમતની સોનાની બંગડીઓની ચોરીના બનાવ અંગે પોલીસે છારા ગેંગની એક મહિલા સહિત ત્રણને ઝડપી પાડ્યા છે. સોનાની બંગડીની ચોરીનો સમગ્રમામલો સીસીટીવીમાં કેદ થયા બાદ પોલીસે અલગ અલગ દિશામાં તપાસ હાથ ધરી ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે. જૂનાગઢ સી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા તનિષ્ક સોના-ચાંદીના શો રૂમમાંથી થોડા દિવસ પહેલા ગ્રાહકના સ્વાંગમાં આવેલી એક મહિલા દ્વારા સોનાની બે બંગડીઓની ચોરી કરવામાં આવી હતી. આ ઘટના સીસીટીવીમાં કેદ થયા બાદ જૂનાગઢ પોલીસે તપાસ હાથ ધરતા મહિલા અને તેની સાથે અન્ય બે શખ્સો હોવાનું અને ત્રણેય કારમાં ફરાર થયા હોવાનું માલૂમ પડ્યું હતું. આરોપીઓ રાજકોટ તરફ ગયા હોવાનું જાણવા મળતા પોલીસે રાજકોટના ભરૂડ ટોલનાકા પાસેથી કારને ઝડપી પાડી હતી. આ મામલે પોલીસે આંતરરાજય ચોરી કરતી છારા ગેંગની પૂનમ ઉર્ફે પૂર્ણી કમલેશ રંગવાણી, ચંદ્રકાંત પરમાર અને જગદીશસિંગ રાઠોડને ઝડપી પાડ્યા છે.

પૂનમ સામે અલગ અલગ પોલીસ સ્ટેશનમાં ૧૨ ગુનાઓ અને ચંદ્રકાંત સામે ૪ ગુનાઓ નોંધાયેલા હોવાનું જાણવા મળ્યું છે. આ આરોપીઓ દ્વારા અલગ અલગ જગ્યાએ સોના-ચાંદીના શો રૂમમા જઈ તેમના સગા-વ્હાલાઓ માટે સોનાના દાગીનાની ખરીદી કરવાના હોય તેવી હહકકત જણાવી સોનાના દાગીના જોતી વખતે શો રૂમના માલીક તથા સ્ટાફની નજર ચકુવી સોનાના દાગીનાની ચોરી કરી પોતે ફરીવાર તેમના સગા સંબંધીઓને સાથે લઈ આવશે તેવી હહકકત જણાવી નીકળી જતા હતા.

# જૂનાગઢમાં રૂા.૮,૦૦૦ની લાંચ લેતા આઉટ સોર્સિંગનો ઓપરેટર ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૫

શિક્ષણ સહાય પાસ કરવા ૮,૦૦૦ની લાંચ લેતા શ્રમયોગી બોર્ડની કચેરીના કર્મીને એસીબીએ ઝડપી લીધો છે. આ અંગે મળતી વિગત મુજબ આ કામના ફરીયાદીનો પુત્ર એગ્રીકલ્ચર બી.ટેકમાં અભ્યાસ કરે છે. જે અનુસંધાને શિક્ષણ સહાય મેળવવા માટે ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડની કચેરી, જૂનાગઢખાતે પોતાના એડવોકેટ મારફત અરજી કરેલ હતી. આ અરજી સહાય પાસ કરવાની અવેજમાં આરોપી ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડની કચેરી, જૂનાગઢના ડેટા ઓપરેટર-આઉટ સોર્સિંગ કર્મી મિલનભાઈ કેશવલાલ કટારીયા (ઉ.વ. ૩૨)એ ફરિયાદીના એડવોકેટ પાસે પ્રથમ રૂપિયા ૧૦,૦૦૦ની લાંચની માગણી કરી હતી. બાદમાં રકઝકના અંતે રૂપિયા ૮,૦૦૦ લાંચની રકમ આપવાનું નક્કી થયું હતું. જોકે, લાંચના નાણાં ફરીયાદી આપવા માંગતા ન હોય જેથી ફરીયાદીએ પોતાના એડવોકેટ સાથે એ.સી.બી.નો સંપર્ક કર્યો હતો. બાદમાં સુપરવિઝન અધિકારી અને લાંચ રૂશ્વત બ્યુરોના મદદનીશ નિયામક બી.એલ. દેસાઈના માર્ગદર્શનમાં એસીબી પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ જે.એન. સોલંકીએ અને ટીમે જૂની સિવિલ હોસ્પિટલ, ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડની કચેરી, જૂનાગઢ ખાતે લાંચના છટકાનું આયોજન કર્યુ હતું. આ લાંચના છટકા દરમ્યાન આરોપીએ ફરિયાદીના એડવોકેટ સાથે હેતુલક્ષી વાતચીત કરી લાંચના નાણાં રૂા. ૮૦૦૦ પંચ- ૧ ની રૂબરૂમાં સ્વિકારી લેતા તેને ઝડપી લીધો છે.

# બિલખા નજીકથી વિદેશી દારૂ, વાહન સહિતના કુલ રૂા.૧૪,૧૧,૩૫૦ના મુદ્દામાલ સાથે એક શખ્સને ઝડપી લેતી પોલીસ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ, તા.૧૫



જૂનાગઢ જીલ્લાના બિલખા નજીકથી પોલીસો ચોક્કસ બાતમીના આધારે વોચ ગોઠવી અને દારૂ તેમજ એક કાર, બોલેરો મળી કુલ રૂા.૧૪.૧૧ લાખના મુદ્દામાલ કબ્જે કરી અને બેશખ્સોને ઝડપી લીધા છે. જયારે અન્ય નાસી છુટેલા શખ્સોને ઝડપી લેવા કાર્યવાહી કરી છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, જૂનાગઢના શખ્સે મોટી માત્રામાં દારૂનો જથ્થો તેના સાગરીત સાથે મંગાવ્યો હતો. જેના આધારે પોલીસે એક કાર, એક બોલેરો પીકઅપ વાહન અને વિદેશી દારૂની બોટલ નંગ ૮૫૨ મળી કુલ રૂા.૧૪,૧૧,૩૫૦નો મુદ્દામાલ કબ્જે કરી ચાર આરોપીને ઝડપી પાડયા હતા. જૂનાગઢના નાગરવાડા વિસ્તારમાં રહેતા કિશોર મકવાણા નામના શખ્સે પોતાના સાગરીતો સાથે મળીને વિદેશી દારૂનો જથ્થો મંગાવ્યો હતો. દરમ્યાન દારૂના જથ્થા સાથે એક કાર નંબર જીજે-૩૨-બી-૦૧૬૫ પાયલોટીંગમાં હોય અને તેની પાછળ બોલેરો પીકઅપ નંબર જીજે-૦૪-એડબલ્યુ-૨૩૨૩માં વિદેશી દારૂનો જથ્થો ભરેલો હોય અને તેઓ લઈને આવતા હતા. જેની બાતમી પોલીસાને મળતા પોલીસે ખડીયાથી ઉમરાળા જવાના રસ્તે બંધાળા તરફ વોચ ગોઠવીને બેઠી હતી.

દરમ્યાન આ વાહનનો રોકવાનો ઈસારો કરતા તેમણે રોકી નહી અને બિલખા તરફ ભાગી નીકળ્યા હતા. આમ પોલીસે અડધો કિલોમીટર પીછો કરી બંને વાહનને રોકાવી તલાસી લેતા તેમાંથી વિવિધ કંપનીની વિદેશીદારૂની બોટલ નંગ ૨૮૫ જેની કિંમત રૂા.૩,૬૧,૨૦૦ તેમજ એક કાર અને બોલેરો પીકઅપ વાન મળી કુલ રૂા.૧૪,૧૧,૩૫૦નો મુદ્દામાલ સાથે આરોપી સદામ હનીફશા રફાઈને પોલીસે ઝડપી લીધેલછે. જયારે અન્ય આરોપીને ઝડપી લેવા કાર્યવાહી હાથ ધરી છે.

# બિપોરજોય વાવાઝોડાને લઈ સોમનાથ ટ્રસ્ટની ભાવિકોને સોમનાથ મંદિરે દર્શન માટે ન આવવા અપીલ



## સમુદ્ર દર્શન પ્રોમોનેડ વોક-વે, સોમનાથનો લાઈટ એન્ડ સાઉન્ડ શો બંધ કરવામાં આવ્યા

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૫

વાવાઝોડા અને ભારે વરસાદના ખતરા વચ્ચે જગવિખ્યાત સોમનાથ મંદિર ટ્રસ્ટ યાત્રીઓની સુરક્ષા અને સલામતી અંગેસતત પગલા લઈ રહ્યું છે. ટ્રસ્ટના સચિવ યોગેન્દ્ર દેસાઈના માર્ગદર્શન હેઠળ આગાહીને લઈ સરકારમાં નિર્દેશ મુજબ આગોતરી તૈયારીઓ પરિપૂર્ણ કરવામાં આવી છે. વાવાઝોડાને ધ્યાનમાં રાખીને સમુદ્રપથ પ્રોમોનેડ (વોક-વે) અને સોમનાથના ઈતિહાસને ઉજાગર કરતો લાઈટ એન્ડ સાઉન્ડ શો પણ બંધ કરવામાં આવ્યો છે. સોમનાથ ટ્રસ્ટના તમામ ભવનોમાં અત્યારે રોકાયેલ એકસો જેટલા યાત્રીઓને પરિસ્થિતિથી અવગત કરી માર્ગદર્શન આપવામાં આવ્યું છે. વધુમાં વાવાઝોડાની આગાહી મુજબ ભારે હવાઓ અને વરસાદની સ્થિતિને ધ્યાને લઈ રેલ્વે વિભાગ દ્વારા વેરાવળ સોમનાથ આવતી જતી તમામ ટ્રેનો રદ કરવામાં આવી છે. તેમજ એસટી બસ સર્વિસ પણ સંપૂર્ણ બંધ કરવામાં આવી છે. ત્યારે આવા કપરા સમયે બહારગામથી સોમનાથ આવવા માંગતા ભાવિકો હાલ પુરતો દર્શન કરવા આવવાનો પ્રવાસ ટાળે અને ઘરબેઠા સોમનાથ મહાદેવના ઓનલાઈન દર્શનનો લ્હાવો લે તેવી મંદિર ટ્રસ્ટ અપીલ કરે છે. આગાહીના દિવસો દરમ્યાન સોમનાથ મંદિર ખુલ્લુ રહેશે અને નિત્યક્રમ મુજબ પૂજા આરતી થશે તેમ ટ્રસ્ટએ એક યાદીમાં જણાવેલ છે.

# સીનીયર સીટીઝન મંડળ તથા હાટકેશ હોસ્પિટલ જૂનાગઢના સંયુકત ઉપક્રમે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૧૫

સવારના ૯:૩૦ વાગ્યાથી શરૂ થનાર નિશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનો લાભ લેવા માટે જૂનાગઢ તેમજ આજુબાજુના ગામના લોકોને નિમંત્રિત કરવામાં આવે છે. આ મેડિકલ કેમ્પમાં ડોકટર તૃપ્તિબેન પટેલ તેમજ ડોકટર ચિંતનભાલોડીયા, ડો આશુતોષ ચૌહાણ તેમજ ડો તેજસ રૈયાણી - જનરલ એમએસ, ડો નાઝીમાબેન કાજી - આંખના સર્જન, ડો ગૌરવ શાહ - ડેન્ટિસ્ટ, ડો માધુરી નાંઢા - ચામડીના રોગ, ડો વિશાલ પટેલ - સ્ત્રી રોગ નિષ્ણાંત, ડો રાહુલ પંડ્યા - ફેફસાના રોગોના નિષ્ણાત, ડો પ્રતીક પલાણી - ન્યુરો ફિઝિશિયન, ડો દર્શન કક્કડ - ફિઝીયોથેરાપિસ્ટ, ડો જગદીશભાઈ દેસાઈ - પેથોલોજીકલ ટેસ્ટ, ડો ચાંદની બેન - હોમિયોપેથીક ઓર્થોપેડિક સર્જન હાડકાના નિષ્ણાંત પણ પોતાની સેવાઓ આપશે. આ સિવાય કેમ્પમાં એકસરે, મેમોગ્રાફી તેમજ બ્લડના સામાન્ય ટેસ્ટ નિઃશુલ્ક કરી આપવામાં આવશે. જરૂરિયામંદો કેમ્પનો લાભ અવશ્યલેશોપ્રમુખ જે.બી. માંકડ સીનીયર સીટીઝન મંડળ જૂનાગઢ તેમજ હાટકેસ હોસ્પિટલ જૂનાગઢ દ્વારા યાદીમાં જણાવેલ છે.

# વાવાઝોડાના ખતરા સમયે સોમનાથ અને ચોરવાડ પંથકમાં વીજ વિભાગની નબળી કામગીરીને લઈ ધારાસભ્યની ઉર્જા મંત્રીને રજુઆત

## વેરાવળ-સોમનાથ અને ચોરવાડ શહેર-પંથકમાં વીજ વિભાગની વધુ ટીમો મુકવા માંગ કરાઈ

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૫

વાવાઝોડાના ખતરા અને ભારે પવન ફૂંકાઈ રહ્યો છે ત્યારે વેરાવળ સોમનાથ શહેર-પંથક અને ચોરવાડ તાલુકામાં વીજ ધાંધીયા ના કારણે લોકો ત્રાહિમામ છે. આવા સમયે વીજ વિભાગ પાસે અપૂરતો સ્ટાફના હોવાના કારણે સમયસર ફોલ્ટ રીપેર થતા ન હોવાને લઈ સોમનાથના ધારાસભ્ય વિમલ ચુડાસમાએ ઉર્જા મંત્રીને લેખીત રજુઆત કરી પરિસ્થિતિ સુધારવા માંગ કરી છે. ધારાસભ્ય વિમલ ચુડાસમાએ રજુઆતમાં જણાવેલ કે, બિપરજોય વાવાઝોડાના કારણે વેરાવળ સોમનાથ શહેર તથા ગ્રામ્ય વિસ્તારો અને ચોરવાડ શહેરમાં પી.જી.વી.સી.એલ કચેરી હસ્તકના ગ્રામ્ય હેઠળ આવતા અંદાજે ૮૦ % વિસ્તારોમાં છેલ્લા ત્રણ દિવસથી વીજ પુરવઠો નિયમિત નથી. આવા સમયે જાણકારી મુજબ વીજ વિભાગ પાસે ગ્રામ્ય અને શહેરી વિસ્તાર માટે માત્ર બે બે ટીમો જ છે.

આવી જ રીતે ચોરવાડમાં પણ માત્ર એક ટીમ મૂકવામા આવી છે. જેના કારણે વીજ ફોલ્ટ સમયસર રીપેર થતા ન હોવાથી કલાકો સુધી પુરવઠો ખોરવાયેલો રહે છે. ત્યારે વીજ ચેકીંગ સમયે જે રીતે ટીમો એકત્ર કરી કામગીરી કરવામાં આવે છે તેવી રીતે અત્યારે વધુ ટીમો બંન્ને પંથકોમાં મુકવા માંગ છે. વધુમાં સંકટ સમયે લોકો દ્વારા પીજીવીસીએલ કચેરીનો સંપર્ક કરવામાં આવે ત્યારે ફોન પણ રીસીવ ન થતા હોવાની અને સ્ટાફ દ્વારા રીસીવર નીચે મૂકવાની ફરિયાદો પણ મળી રહી છે. ત્યારે આ બાબતે ઘટતું કરવા માંગ હોવાનું અંતમાં જણાવેલ છે.

# ચાંપરડાની જય અંબે હોસ્પીટલ વાવાઝોડા દરમ્યાન અસરગ્રસ્ત દર્દીઓને ફ્રી સારવાર આપશે




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૧૫

વિસાવદર નજીક આવેલ ચાંપરડામાં પૂ. મુકતાનંદ બાપુ સ્થાપિત જય અંબે મલ્ટીસ્પેશ્યાલીસ્ટ હોસ્પીટલ દ્વારા બિપોરજોય વાવાઝોડા દરમ્યાન ઈજાગ્રસ્ત દર્દીઓને ફ્રી સારવાર આપશે. અખિલ ભારત સાધુ સમાજનાં અધ્યક્ષ પૂ. મુકતાનંદ બાપુએ જણાવ્યું હતું કે વાવાઝોડા દરમ્યાન કોઈપણ ઈજાગ્રસ્ત દર્દીઓને આ હોસ્પીટલમાં ફ્રી સારવાર આપવામાં આવશે. તેમજ ઈમરજન્સી, સીટી સ્કેન, પેથોલોજી, એકસ-રે, એમ્બ્યુલન્સ જેવી તમામ સેવાઓ ૨૪ કલાક કાર્યરત રહેશે અને નિષ્ણાંત ડોકટરોની ટીમ ૨૪ કલાક સેવામાં હાજર રહેશે.

# માંગરોળ : મકાન ધરાશાયી થતા બે મહિલા - બે બાળકો ઈજાગ્રસ્ત



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૧૫

માંગરોળના કામનાથ રોડ ઉપર ચુનાભઠ્ઠી વિસ્તારમાં સોમવારે એક મકાન ધરાશાયી થતાં બે મહીલા અને બે બાળકો ઘવાયા હતા. ત્યારે ભારે પવન અને વરસી રહેલા વરસાદથી આ વિસ્તારમાં ગત રાત્રે વધુ એક કાચું મકાન તુટી પડ્યું હતું. મજુરી કરી ગુજરાન ચલાવતા ધર્મેશભાઈ મોરી અહીં નજીકમાં રહે છે અને ઘરના પાંચ સદસ્યોનો પરિવાર જે રૂમનો રસોડા તરીકે ઉપયોગ કરતા હતા. તે મધરાતે એકાએક જમીનદોસ્ત થયું હતું. જો કે રાત્રીના સમયે ઘટના બનતા સદભાગ્યે જાનહાનિ થઈ ન હતી.


Bandhan Bank | રીજનલ ઑફિસઃ નેતાજી માર્ગ, મીઠાખળી છ રસ્તા પાસે, એલિસબ્રિજ, અમદાવાદ-૬. ફોનઃ ૯૧-૭૯-૨૬૪૨૧૬૭૧-૭૫

**સાંકેતિક કબજા અંગેની નોટિસ**

ધ સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઑફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાઓ, કે જેનો અર્થ ધ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ માં આપવામાં આવ્યો છે, તે સત્તાઓનો ઉપયોગ કરતાં નોટિસ આપવામાં આવે છે કે, અધિકૃત અધિકારી એ, અહીં જણાવેલાં ખાતાંનાં દેવાદારોને ડિમાન્ડ નોટિસ પાઠવી હતી અને તેમાં તે નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર, રકમ ભરપાઈ કરી દેવા માટે જણાવ્યું હતું. દેવાદાર આ રકમ ભરવામાં નિષ્ફળ ગયા હોવાથી, દેવાદાર અને જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર વ્યક્તિએ, ઉપરોક્ત ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૪) જેનો અર્થ ઉપરોક્ત ધારામાં નિયમ ૮ માં આપવામાં આવ્યો છે—તે મુજબ તે વ્યક્તિ (નીચે સહી કરનાર) ને મળેલી સત્તાનો ઉપયોગ કરીને, તેણે અહીં નીચે જે મિલકતનું વર્ણન આપવામાં આવ્યું છે, તે મિલકતનો સાંકેતિક કબ્જો લઈ લીધો છે. આથી, ખાસ કરીને દેવાદાર અને જાહેર જનતાને ચેતવવામાં આવે છે કે તે મિલકત અંગે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં અને છતાં જો તે મિલકત અંગે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે અંગેની રકમ, વ્યાજ, ખર્ચ અને શુલ્ક બાબતે, બેંકને આધીન રહેશે. સિક્યોર્ડ એસેટ રીડીમ કરવા/પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભે કાયદાની કલમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈઓ તરફ કરજદાર/ગીરો મૂકનારનું ધ્યાન દોરવામાં આવે છે.

| દેવાદારનું નામ, લોન ખાતા નં. | મોર્ટગેજ મિલકતનું વર્ણન (સિક્યોર્ડ એસેટ) | ડિમાન્ડ નોટિસની તારીખ | સાંકેતિક કબજા અંગેની નોટિસની તારીખ | ડિમાન્ડ નોટિસની તારીખ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|
| શ્રી સાજીદ સમદભાઈ સુમરા શ્રીમતી આસમીનબેન સાજીદ સુમરા શ્રીમતી માણેકબેન સામતભાઈ સુમરા શ્રી સમદ અલીભાઈ સુમરા ૨૧૨/૨૨૬૬ | તમામ ચલ અને અચલ સંપત્તિ, જે રેવન્યુ સર્વે નંબર ૫૧૮ પૈકી, અને ૫૨૨ પૈકી, પ્લોટ નંબર ૫૯, જમીન વિસ્તાર ૧૨૧.૮૬ ચોરસ મીટર, ગ્રીન પાર્ક; તાલાલ રોડ, આઈ.ડી. ચૌહાણ શાળાની સામે વેરાવળ પાટણ-વેરાવળ, ગીર સોમનાથ, ગુજરાત- ૩૬૨૨૬૫ સ્થિત છે અને જે આવરિત છેઃ ઉત્તરઃ સર્વે નં. ૫૨૪, પૂર્વઃ સર્વે નં. ૫૨૫, પશ્ચિમઃ રોડ, દક્ષિણઃ પ્લોટ નં. ૫૮ | ૦૭.૦૨.૨૦૨૩ | ૦૯.૦૬.૨૦૨૩ | રૂ.૧૧,૪૩,૭૩૫.૫૩ |
| શ્રી વિક્રમભાઈ હરેશભાઈ શર્મા શ્રીમતી નિલમબેન હરેશભાઈ શર્મા ૨૧૨/૧૬૧૦ | તમામ ચલ અને અચલ સંપત્તિ, જે રેવન્યુ સર્વે નં. ૨૨/૧ અને ૨૨/૨, ટીપીએસ નં.૧, ફાઇનલ પ્લોટ નં.૫૨, સબ પ્લોટ નં.૩૮ પૈકી દક્ષિણ બાજુ, જમીન વિસ્તાર ૭૫.૭૧ ચો.મી. યોગેશ્વર સોસાયટી, દેલવાડા રોડ ખાતે તા. ઉના, જિલ્લોઃ ગીર સોમનાથ, ગુજરાત-૩૬૨૫૬૦ સ્થિત છે અને જે આવરિત છેઃ ઉત્તરઃ સબ પ્લોટ નં. ૩૮ ભાગ, પૂર્વઃ સબ પ્લોટ નં. ૩૮ ભાગ, પશ્ચિમઃ અંતિમ પ્લોટ નં. ૫૩ રોડ, દક્ષિણઃ સબ પ્લોટ નં. ૩૭ મિલકત | ૨૭.૦૩.૨૦૨૩ | ૦૯.૦૬.૨૦૨૩ | રૂ.૭,૪૬,૦૪૯.૭૧ |
| શ્રી રામભાઈ નથુભાઈ શામળા શ્રીમતી. ભાવનાબેન રામભાઈ શામળા ૨૧૨/૨૪૩૯ | તમામ ચલ અને અચલ સંપત્તિ, જે રેવન્યુ સર્વે નંબર ૧૩૩૭, પ્લોટ નં.૪ જમીન વિસ્તાર ૧૨૧.૬૫ ચો.મી. શિવજી નગર, હોટેલ પાર્ક-વેરાવળ પાછળ, પાટણ-વેરાવળ, ગીર સોમનાથ- ૩૬૨૨૬૫ સ્થિત છે અને જે આવરિત છેઃ ઉત્તરઃ સર્વે નં. ૧૩૩૬ પૈકી જમીન, પૂર્વઃ રોડ, પશ્ચિમઃ પ્લોટ નં. ૩, દક્ષિણઃ રોડ | ૦૬.૦૪.૨૦૨૩ | ૦૯.૦૬.૨૦૨૩ | રૂ.૩,૦૯,૨૫૨.૪૫ |
| હસમુખભાઈ કલ્યાણભાઈ વાઘેલા જ્યોત્સનાબેન હસમુખભાઈ વાઘેલા ૨૧૬/૭૩૬ | તમામ ચલ અને અચલ સંપત્તિ, જે આર.એસ.નં.૧૬ પાર્ટ, ટી.પી.સ્કીમ નં.૧, ફાઇનલ પ્લોટ નં.૩૧, સબ પ્લોટ નં.૪, ફ્લેટ નં.૧૧૨, ૨૮.૬૭.૭૨ ચોરસ મીટરનો બિલ્ટ અપ વિસ્તાર, બીજો માળ, મહેન્દ્ર ટાવર, દેલવાડા રોડ, મુ. ઉના, તા. ઉના, જિલ્લો ગીર સોમનાથ- ૩૬૨૫૬૦ સ્થિત છે અને જે આવરિત છેઃ ઉત્તરઃ ફ્લેટ નંબર ૧૧૧, કોમન વોલ, પૂર્વઃ સબ પ્લોટ નંબર ૪ ની ખુલ્લી જમીન પછી સબ પ્લોટ નંબર ૯ અને ૧૦, પશ્ચિમઃ પેસેજ પછી ફ્લેટ નંબર ૫૧૩, દક્ષિણઃ આંતરિક રોડ | ૦૮.૧૨.૨૦૨૨ | ૦૯.૦૬.૨૦૨૩ | રૂ.૫,૪૩,૭૬૨.૪૯ |

સ્થળઃ ગીર સોમનાથ
તારીખઃ ૧૫/૦૬/૨૦૨૩


અધિકૃત અધિકારી
બંધન બેંક લિમિટેડ

# જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં વાવાઝોડાની અસરથી જનજીવન પ્રભાવિત












(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૧૫

જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં બીપરજોય વાવાઝોડાની ગંભીર અસર પડી છે. અને જનજીવન પ્રભાવિત બન્યું છે. સૌરાષ્ટ્રનાં અનેક દરિયા કાંઠાનાં વિસ્તારોમાં ભારે પવન, વરસાદ સાથે પરિસ્થિતિ ગંભીર બની છે. દરિયાઈ કાંઠાનાં આ વિસ્તારો તેમજ નીચાણવાળા વિસ્તારોમાં સંખ્યાબંધ લોકોનું સ્થળાંતર કરવામાં આવેલ છે. આજે જયારે ૧૫ જુનનાં દિવસે બીપરજોય વાવાઝોડુ ત્રાટકવાનાં ખતરા વચ્ચે તંત્ર સાબદું બની ગયું છે.

જૂનાગઢ સહિત સૌરાષ્ટ્ર અને ગુજરાતનાં વિવિધ જીલ્લાઓમાં બીપોરજોય વાવાઝોડાનાં પગલે સાવચેતીનાં પગલા લેવામાં આવી રહયા છે. જીલ્લા વહીવટી તંત્ર અને વિવિધ વિભાગનાં સંકલન સાથે અનેકવિધ પગલાઓ ભરવામાં આવેલ છે. જૂનાગઢ જીલ્લાનાં વિવિધ વિસ્તારોમાં ખાસ કરીને નીચાણવાળા વિસ્તારોમાંથી લોકોનું અન્યત્ર સ્થળાંતર કરવામાં આવેલ છે. આ ઉપરાંત અસરગ્રસ્ત લોકોને માટે ફુડ પેકેટો તૈયાર કરી તેનું વિતરણ કરવામાં આવી રહયું છે. જૂનાગઢ જીલ્લામાં તમામ તાલુકામાં ગત સોમવારથી વરસાદની પણ સવારી ચાલુ રહી હતી. અને ૧૦ થી ૧૨ ઈંચ જેવો વરસાદ પડી ગયો છે. દિવસ દરમ્યાન વાદળછાયા વાતાવરણ, ભારે વરસાદ અને સુસવાટા મારતા પવન વચ્ચે જનજીવન પ્રભાવિત બન્યું છે. ગઈકાલે બપોર બાદ વાતાવરણમાં પલ્ટો આવી ગયો હતો અને સુસવાટા મારતો પવન ફરી એકવાર શરૂ થયો હતો. અને જયારે આજે બીપોરજોય વાવાઝોડાનો ગંભીર ખતરો એટલે કે આ વાવઝોડુ આજે ત્રાટકવાની સંભાવનાં છે ત્યારે જનજીવન પ્રભાવિત બનેલ છે.

# જૂનાગઢ જીલ્લામાં સંકટની ઘડીના સામના માટે તંત્ર સજ્જ


## જીલ્લામાં ૪૬૦૪ લોકોનું કરાયું સ્થળાંતર : કમાન્ડો ફોર્સની ૪૧ ટીમો તૈનાત





(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૫

જૂનાગઢ સહિત ગુજરાતના વિવિધ જીલ્લાઓમાં બિપોરજોય વાવાઝોડાના ખતરાને ધ્યાને લઈ અનો તંત્ર દ્વારા અનેકવિધ પગલાઓ લેવામાં આવી રહ્યા છે. જૂનાગઢ જીલ્લામાં પણ સંકટની ઘડીના સામના માટે વિવિધ પગલાઓ લેવામાં આવ્યા છે. ૪૬૦૪ લોકોનું સ્થળાંતર કરવામાં આવેલ છે. ઉપરાંત કમાન્ડો ફોર્સ તૈનાત કરવામાં આવેલ હોવાનું જાણવા મળેલ છે. બિપોરજોય વાવાઝોડું આજે ટકરાવાની આગાહીના પગલે જૂનાગઢ જીલ્લામાં સલામતી માટેના અનેક પગલા લેવામાં આવી રહ્યા છે. આ વાવાઝોડાના સંભવિત ખતરાને ધ્યાને લઈ અને જીલ્લામાં વિવિધ વિસ્તારોમાંથી કુલ ૪૬૦૪ લોકોનું સ્થળાંતર કરવામાં આવેલ છે. જેમાં કેશોદ પંથકમાં ૪૮ વ્યકિત, જૂનાગઢ ગ્રામ્યમાંથી ૧૭૯, જૂનાગઢ શહેરમાંથી ૪૨, ભેંસાણ ૨૬૫, મેંદરડા ૨૦, માંગરોળ ૨૬૦૧, માણાવદર ૧૮૪, માળીયા હાટીના ૯૨૧, વંથલી ૧૯૬, વિસાવદર ૧૪૮ મળી કુલ ૪૬૦૪ લોકોનું સ્થળાંતર કરવામાં આવેલહતું. દરમ્યાન ગઈકાલે બુધવારે દિવસભર ભારે પવન સાથે વરસાદ હળવાથી ભારે પડયો હતો. આજે સવારે પુરા થતા છેલ્લા ૨૪ કલાક દરમ્યાન કેશોદ ૩૭ મીમી, જૂનાગઢ સીટી ૪ મીમી, જૂનાગઢ ગ્રામ્ય ૪ મીમી, ભેંસાણ ૧૬ મીમી, મેંદરડા ૧૨ મીમી, માંગરોળ ૨૩ મીમી, માણાવદર ૭ મીમી, માળીય હાટીના ૯ મીમી, વંથલી ૧૯ મીમી, વિસાવદર ૪૬ મીમી વરસાદ પડયો છે. દરમ્યાન જૂનાગઢ જીલ્લામાં ૧૫ જેટલા સ્થળોએ વૃક્ષો પડી જવાના બનાવ બન્યા છે. આ ઉપરાંત ૪૨૪ વિજપોલ પડી ગયાનું નોંધાયું છે. જૂનાગઢ એસટી ડીવીઝનના ૨૦૦ જેટલા એસટીના સેડ્યુલ કેન્સલ કરવામાં આવ્યા છે અને માંગરોળ બંદર ઉપર ૩ નંબરનું સિગ્નલ પણ લગાવવામાં આવ્યું છે. તંત્ર દ્વારા એનડીઆરએફની ૧ અને એસએડીઆરએફની ૧ ટીમ તેમજ કમાન્ડો ફોર્સને આધુનિક સાધનો સાથે સજ્જ કરીને અલગ-અલગ ૪૧ ટીમો બનાવી અને તકેદારીના પગલા લેવામાં આવી રહ્યા છે. સંકટની ઘડીના સામના માટે જૂનાગઢ શહેર અને જીલ્લામાં તંત્ર દ્વારા સાવચેતીના અનેક પગલા લેવાઈ રહ્યા છે.





ગુજરાત સરકાર GSDMA www.gsdma.org

બિપરજોય વાવઝોડા સામે
**સાવચેતી એ જ સલામતી**

**વાવાઝોડા પછી શું કરવું? શું ન કરવું?**

- કાટમાળમાંથી ચાલતી વખતે તૂટેલા કાચના ટુકડા કે પતરા જેવી વસ્તુઓ તેમજ સાપ જેવા ઝેરી જીવ-જંતુઓથી સાવધાન રહો.
- સ્થાનિક અધિકારીઓની સૂચનાનું ચુસ્તપણે પાલન કરો.
- બહાર નીકળતા પહેલાં વાવાઝોડુ પસાર થઈ ચુક્યું છે તેની ખાતરી કરીને જ બહાર નીકળવું.
- રેડીયો કે ટી.વી ઉપર સલામતીનો સ્પષ્ટ સંદેશો આવે ત્યાં સુધી રાહ જુઓ.
- મુશ્કેલીના સમયમાં રાહત ટુકડી પહોંચવાની રાહ જુઓ.
- પૂરગ્રસ્ત વિસ્તારોથી દૂર રહો.
- માછીમારોએ દરિયામાં જતાં પહેલાં અન્ય ૨૪ કલાક સુધી રાહ જોવી હિતાવહ છે.
- ભયજનક કે અતિ નુકશાન પામેલ મકાનથી દૂર રહેવું.
- ક્લોરીનયુક્ત પીવાના પાણીનો ઉપયોગ કરવો.
- ગંદા ભરાયેલા પાણીમાં દવાનો છંટકાવ કરવો.
- અજાણ્યા પાણીમાંથી પસાર થવું નહીં.
- ખુલ્લા-છૂટા પડેલા વાયરોને અડકવું નહીં.




**પૂરગ્રસ્ત લોકોની મદદ કરો**

ઘર છોડીને ગયેલા લોકોને પાછા લાવવા મદદ કરો અને તેમના જાનમાલના નુકસાનની માહિતી ભેગી કરો.

કાટમાળના નિકાલની વ્યવસ્થા કરો અને તેમાં ફસાયેલા લોકોનો તાત્કાલિક બચાવ કરો. જેથી સ્થિતિ ઝડપથી સામાન્ય બની શકે.

ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર પૂરી પાડો.

રક્તદાન કરવા તૈયાર રહો.

**આફત સામે પૂર્વ તૈયારી એ જ ઉપાય**

આપાતકાલિન સંપર્ક (લેન્ડલાઈન ફોન માટે)*
જિલ્લા કંટ્રોલરૂમ - ૧૦૭૭ / રાજ્ય કંટ્રોલરૂમ - ૧૦૭૦

*મોબાઈલથી સંપર્ક કરવા માટે ડિસ્ટ્રિક્ટ કોડ જોડવો

વાવાઝોડાની અદ્યતન અને વિશ્વસનીય માહિતી નીચેના સોશિયલ મીડિયા હેન્ડલ્સ પરથી મળી શકશે

@infogujarat gujaratinformation.official gujarat.information